dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue- 256 | AD - 2025, Jeth Vad-09 | Friday, Dt.20-06-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### ઈરાનના સૈનિકોએ સરોકા હોસ્પિટલ અને નાગરિક વસ્તી પર મિસાઈલ ચલાવી છે, હવે તેમને તેની સંપૂર્ણ કિંમત ચૂકવવી પડશે : નેતન્યાહૂ

# ઈરાને મિસાઈલ હુમલો કરી ઈઝરાયલની હોસ્પિટલ ઉડાવી દીધી



તેલઅવીવ,તા.૧૯

ઈરાન હવે ઈઝરાયલ પર મોટો વળતો હુમલો કરી રહ્યું છે. ઈરાન ઈઝરાયલ પર મોટો મિસાઈલ હુમલો કરી રહ્યું છે. તેલ અવીવ, બીરશેબા સહિત ૪ શહેરો ઈરાનના નિશાના પર છે. ઈરાનની મિસાઈલ દક્ષિણ ઈઝરાયલના બીરશેબા શહેરમાં એક હોસ્પિટલ પર પડી હતી. આ ઉપરાંત, ઈરાને રામત ગાન અને હોલોન પર પણ હુમલો કર્યો છે. સૌથી વધુ વિનાશ તેલ અવીવમાં જોવા મળી રહ્યો છે. ઈરાનના મિસાઈલ હુમલામાં ઉંચી ઈમારતોને સૌથી વધુ નુકસાન થઈ રહ્યું છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે તેલ અવીવના વિવિધ વિસ્તારોમાં ૭ ઈરાની મિસાઈલ પડી છે. એવા પણ સમાચાર છે કે ઈરાને ઈઝરાયલના સ્ટોક એક્સચેન્જને પણ નિશાન બનાવ્યું છે અને તેને નુકસાન પહોંચાડ્યું છે. તે જ સમયે, ઈરાનના ઈઝરાયલની હોસ્પિટલો અને અન્ય વિસ્તારો પર તાજેતરના હુમલા પછી, વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ કડક ચેતવણી આપી છે. નેતન્યાહૂએ સોશિયલ મીડિયા પર લખ્યું - ઈરાનના આતંકવાદી તાનાશાહ (આયાતુલ્લા અલી ખામેની) ના સૈનિકોએ સરોકા હોસ્પિટલ અને નાગરિક વસ્તી પર મિસાઈલ ચલાવી છે. હવે તેમને તેની સંપૂર્ણ કિંમત ચૂકવવી પડશે. ગુરુવારે વહેલી સવારે દક્ષિણ ઈઝરાયલમાં એક ઈરાની મિસાઈલ મુખ્ય હોસ્પિટલમાં અથડાઈ, જેમાં ઘણા લોકો ઘાયલ થયા અને "વ્યાપક નુકસાન" થયું છે. ઈઝરાયલી મીડિયાએ ક્ષતિગ્રસ્ત બારીઓ અને વિસ્તારમાંથી નીકળતા કાળા ધુમાડાના ફૂટેજ પ્રસારિત કર્યા હતા. ઈરાને તેલ અવીવ અને મધ્ય ઈઝરાયલમાં અન્યત્ર એક બહુમાળી એપાર્ટમેન્ટ બિલ્ડિંગ પર હુમલો કર્યો હતો. ઈઝરાયલની 'મેગેન ડેવિડ એડોમ' બચાવ સેવા અનુસાર, આ હુમલાઓમાં ઓછામાં ઓછા ૪૦ લોકો ઘાયલ થયા છે. દરમિયાન, ઈઝરાયલે ઈરાનના અરક ભારે પાણીના રિએક્ટર પર હુમલો કર્યો હતો. ઈરાનના વિશાળ પરમાણુ કાર્યક્રમ પર આ હુમલો સંઘર્ષના ૭મા દિવસે કરવામાં આવ્યો હતો. ઈઝરાયલે સાત દિવસ પહેલા ઈરાની લશ્કરી સ્થળો, વરિષ્ઠ અધિકારીઓ અને પરમાણુ વૈજ્ઞાનિકોને નિશાન બનાવીને અચાનક હુમલાઓ કરીને આ સંઘર્ષ શરૂ કર્યો હતો. ઈરાને ઈઝરાયલ પર સેંકડો મિસાઈલો અને ડ્રોન છોડ્યા હતા પરંતુ મોટાભાગના ઈઝરાયલની હવાઈ સંરક્ષણ પ્રણાલી દ્વારા તોડી પાડવામાં આવ્યા હતા.

ઈરાની મિસાઈલે 'સોરોકા મેડિકલ સેન્ટર'ને નિશાન બનાવ્યું હતું, જે ઈઝરાયલની દક્ષિણમાં મુખ્ય હોસ્પિટલ છે. હોસ્પિટલની વેબસાઈટ અનુસાર, આ હોસ્પિટલમાં ૧,૦૦૦ થી વધુ પથારી છે અને તે ઈઝરાયલના દક્ષિણમાં લગભગ ૧૦ લાખ રહેવાસીઓને સેવાઓ પૂરી પાડે છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે હોસ્પિટલના ઘણા ભાગોને નુકસાન થયું છે અને નાની ઈજાઓવાળા ઘણા લોકોને ઈમરજન્સી રૂમમાં સારવાર આપવામાં આવી રહી છે. હોસ્પિટલ નવા દર્દીઓ માટે બંધ કરવામાં આવી છે અને ફક્ત એવા દર્દીઓને જ દાખલ કરવામાં આવી રહ્યા છે જેઓ જીવલેણ સમસ્યાથી પીડાઈ રહ્યા છે. હુમલામાં કેટલા લોકો ઘાયલ થયા છે તે સ્પષ્ટ નથી. ઈઝરાયલે ગુરુવારે સવારે ચેતવણી આપી હતી કે તે રિએક્ટર પર હુમલો કરશે અને લોકોને વિસ્તાર છોડી દેવા કહ્યું હતું. હુમલા વિશે વિગતવાર માહિતી ઉપલબ્ધ નથી, પરંતુ અગ્નિશામકોએ જણાવ્યું હતું કે એવું લાગે છે કે મેડિકલ બિલ્ડિંગ અને કેટલીક એપાર્ટમેન્ટ બિલ્ડીંગોને નિશાન બનાવવામાં આવી છે. આ હુમલામાં કોઈ જાનહાનિ થઈ છે કે કેમ તે તાત્કાલિક જાણી શકાયું નથી. અરક રિએક્ટર તેહરાનથી ૨૫૦ કિલોમીટર દક્ષિણ પશ્ચિમમાં છે. ભારે પાણીના રિએક્ટરનો ઉપયોગ પરમાણુ રિએક્ટરને ઠંડુ કરવા માટે થાય છે પરંતુ તે પ્લુટોનિયમ પણ ઉત્પન્ન કરે છે જેનો ઉપયોગ સંભવિત રીતે પરમાણુ શસ્ત્રોમાં થઈ શકે છે.




# ચોમાસુ ત્રણ દિવસમાં ૬ રાજ્યમાં પ્રવેશ્યું, ભારે વરસાદની આગાહી



ન્યુ દિલ્હી,તા.૧૯

ગુજરાત, મધ્યપ્રદેશ, બિહાર અને ઝારખંડ પછી રાજસ્થાન અને ઉત્તર પ્રદેશમાં પણ ચોમાસાએ પ્રવેશ કર્યો છે. ૩ દિવસમાં ચોમાસાએ ૬ રાજ્યોને આવરી લીધા છે. આજે પૂર્વી યુપીના ૧૩ જિલ્લાઓમાં ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. બુધવારે રાજસ્થાનમાં ચોમાસાએ પ્રવેશ કર્યો હતો. હવામાન વિભાગે ગુરુવારે ૨૭ જિલ્લામાં વરસાદની ચેતવણી જારી કરી છે. આમાંથી ૫ જિલ્લામાં ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે. આગામી ૪ દિવસ સુધી દક્ષિણ-પૂર્વ રાજસ્થાનમાં વરસાદ પડશે. મધ્યપ્રદેશના ૫૪ જિલ્લાઓમાં ચોમાસુ પહોંચી ગયું છે. આજે ચોમાસુ છેલ્લા ભિંડ જિલ્લામાં પ્રવેશ કરશે. ગ્વાલિયર અને ચંબલમાં ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે. ભોપાલ-ઈન્દોરમાં પણ વાવાઝોડા અને વરસાદની શક્યતા છે. ઝારખંડમાં આજે ભારે વરસાદને લઈને રેડ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. ભારે વરસાદની આગાહીને કારણે ગુરુવારે રાંચીની બધી શાળાઓ બંધ રહી હતી. બુધવારે ખરાબ હવામાનને કારણે રાંચીથી ૪ ફ્લાઈટ્સ રદ કરવી પડી હતી. હવામાન વિભાગે ગુરુવારે ગુજરાત, ઓડિશા, બિહાર, છત્તીસગઢ, કોંકણ-ગોવા, આસામ, મેઘાલય, અરુણાચલ પ્રદેશ, સૌરાષ્ટ્ર-કચ્છ, કર્ણાટક અને કેરળમાં વરસાદ માટે ઓરેન્જ એલર્ટ જારી કર્યું છે.

# દિલ્હીથી લેહ જતી ફ્લાઈટમાં ખામી સર્જાતા પરત ફરી




હૈદરાબાદ,તા.૧૯

દિલ્હીથી લેહ જતી ઈન્ડિગોની ફ્લાઈટ 6E 2006 ગુરુવારે સવારે ટેક્નિકલ ખામીને કારણે દિલ્હી પરત ફરી હતી. ફ્લાઈટમાં ક્રૂ-મેમ્બર્સ સહિત ૧૮૦ લોકો સવાર હતા. આ ઉપરાંત સ્પાઈસજેટની ફ્લાઈટ પણ ટેક-ઓફ થયાની ૧૦ મિનિટ પછી પાછી ફરી હતી. આ ફ્લાઈટ હૈદરાબાદથી તિરુપતિ જઈ રહી હતી. ફ્લાઈટમાં કુલ ૮૦ મુસાફર સવાર હતા. બુધવારે અગાઉ એર ઈન્ડિયાની ૩ ફ્લાઈટ્સ રદ કરાઈ હતી, જેમાં દિલ્હી-બાલી, ટોરોન્ટો-દિલ્હી અને દુબઈ-દિલ્હી ફ્લાઈટ્સનો સમાવેશ થાય છે.












સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
શુક્રવાર, તા. ૨૦-૦૬-૨૦૨૫

**સોમવારથી શરૂ થતી પૂરક પરીક્ષા સીસીટીવી કેમેરાની દેખરેખમાં યોજાશે**

# અમરેલીમાં ધો. ૧૦ અને ૧૨ના ૬૭૪૯ વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષા આપશે

અમરેલી,તા.૧૯

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો.૧૦ અને ૧૨ની પૂરક પરીક્ષાનો તા.૨૩ જૂનથી પ્રારંભ થશે. આ વખતે બોર્ડ દ્વારા તમામ વિષયોની પૂરક પરીક્ષા લેવાનો નિર્ણય કરવામાં આવ્યો હોવાથી આ પરીક્ષામાં બેસનારા વિદ્યાર્થીઓની સંખ્યા પણ નોંધપાત્ર છે. અમરેલીમાં ધો.૧૦માં ૩૪૫૪ તથા ધો.૧૨માં સામાન્ય પ્રવાહમાં ૨૨૧૬ અને વિજ્ઞાનપ્રવાહમાં ૧૦૭૯ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. આ પરીક્ષા માટે ડીઈઓ કચેરી દ્વારા સ્થાનિક સ્તરે તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.



ધો.૧૦ની પરીક્ષા અમરેલી ઝોનના ૧૨ બિલ્ડીંગ પર અને ૧૧૬ બ્લોકમાં લેવાશે. જ્યારે ધો.૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા અમરેલી ઝોનના ૦૨ બિલ્ડીંગ પર ૨૦ બ્લોકમાં લેવાશે. જયારે વિજ્ઞાન પ્રવાહમાં અમરેલી ઝોનના ૦૩ બિલ્ડીંગ પર ૩૦ બ્લોકમાં લેવાશે. બોર્ડની મુખ્ય પરીક્ષાની જેમ જ પૂરક પરીક્ષામાં સીસીટીવી કેમેરાથી નજર રખાશે.

પૂરક પરીક્ષામાં વિદ્યાર્થીઓ મહત્તમ બે જ વિષયની પરીક્ષા આપી શકે તેવો નિયમ દૂર કરાયો હોવાથી આ વખતે પૂરક પરીક્ષા પાસ કરનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં પણ વધારો થવાની શક્યતા છે. આ પરીક્ષા માટે પણ અમરેલી શહેર અને જિલ્લા કક્ષાએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવા તથા કાઉન્સેલિંગ માટે એક હેલ્પલાઈન શરૂ કરવામાં આવી છે. તેમજ પેપર માટે સ્ટ્રોંગરૂમ કે.કે.પારેખ મહેતા આર.પી. વિદ્યાલય ખાતે રાખવામાં આવ્યો છે.

**જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી**

# ઈફકો ચેરમેન દિલીપ સંઘાણીની કેન્દ્રીય ફર્ટિલાઈઝર મંત્રી જે.પી. નડ્ડા સાથે મુલાકાત

અમરેલી, તા.૧૯

દિલ્હી ખાતે ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ અને કેન્દ્રીય ફર્ટિલાઈઝર મંત્રી જે.પી. નડ્ડા સાથે ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીએ શુભેચ્છા મુલાકાત કરી હતી. આ મુલાકાત દરમિયાન, ઈફકો દ્વારા હાલમાં નેનો ડીએપી (Nano DAP) અને નેનો યુરિયા (Nano Urea) ક્ષેત્રે ચાલી રહેલી કામગીરી અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ઈફકોના ચેરમેન સંઘાણીએ કેન્દ્રીય મંત્રીને જણાવ્યું હતું કે, ઈફકો દ્વારા ખેડૂતોને આ નેનો ફર્ટિલાઈઝર વધુમાં વધુ ઉપયોગી થઈ શકે અને તેમનું આર્થિક ભારણ પણ ઓછું થાય તે માટે કેવા પ્રયત્નો કરવા તે અંગે ચર્ચા કરાઈ હતી. નેનો ફર્ટિલાઈઝરના વિકાસ અને તેના વ્યાપક ઉપયોગ દ્વારા ખેડૂતોને થતા ફાયદાઓ અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.



**અમરેલી જિલ્લામાં વરસાદથી થયેલા નુકસાન અંગે**

# સા.કુંડલાના ધારાસભ્ય મહેશ કસવાલાની મુખ્યમંત્રી અને કૃષિમંત્રીને રજૂઆત

સાવરકુંડલા, તા.૧૯

સાવરકુંડલા-લીલીયાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ મુખ્યમંત્રી અને કૃષિમંત્રીને પત્ર લખીને તાજેતરમાં અમરેલી જિલ્લામાં પડેલા ભારે વરસાદથી ખેડૂતોને થયેલા નુકસાન અંગે રજૂઆત કરી છે. જેમા જણાવ્યું હતું કે સાવરકુંડલા-લીલીયા સહિત સમગ્ર અમરેલી પંથકમાં નદી કાંઠાના અનેક ગામોમાં ખેતીલાયક જમીનનું ભારે ધોવાણ થયું છે. તેઓએ પત્રમાં ઉલ્લેખ કર્યો છે કે આ વિસ્તારના મોટાભાગના ખેડૂત પરિવારો ખેતી પર નિર્ભર છે, અને ફળદ્રુપ માટીના ધોવાણથી જમીન ખેતીલાયક રહી નથી. આના પરિણામે, આગામી સિઝનમાં ખેડૂતો વાવણી પણ કરી શકશે નહીં અને તેમની આજીવિકા ગંભીર રીતે પ્રભાવિત થશે. તેમણે સરકારને તાત્કાલિક સર્વે હાથ ધરી નુકસાનગ્રસ્ત ખેડૂતોની ઓળખ કરવા, ધોવાણ પામેલી જમીન મુજબ યોગ્ય વળતર આપવા અને જમીન સુધારણા માટે કૃષિ સહાય તથા તકનીકી માર્ગદર્શન આપવા રજૂઆત કરી છે.



# સાવરકુંડલામાં ૨૧ જૂને કબીર ટેકરી આશ્રમ ખાતે વિશ્વ યોગ દિવસની ઉજવણી થશે

સાવરકુંડલા, તા.૧૯

સાવરકુંડલા શહેરમાં આવેલા કબીર ટેકરી આશ્રમ ખાતે ૨૧ જૂનના રોજ વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે. પૂ. યોગ ઋષિ સ્વામી રામદેવજી મહારાજની પ્રેરણા અને સદગુરુ મહંત શ્રી નારણદાસ સાહેબના આશીર્વાદ સાથે આ કાર્યક્રમનું આયોજન થયું છે. પતંજલિ યોગ સમિતિ, આર્ટ ઓફ લિવિંગ પરિવાર, સમર્પણ ધ્યાન પરિવાર સહિત અનેક સંસ્થાઓના સહયોગથી ૨૧ જૂન સવારે ૬:૦૦ થી ૮:૦૦ દરમિયાન યોગ સેશન યોજાશે. પતંજલિ યોગ સમિતિ વતી દિલીપભાઈ રાવળ, હીનાબેન કાણકિયા અને જયેશભાઈ કાણકિયાએ શહેરના નાગરિકોને આ ઉજવણીમાં જોડાવા આમંત્રણ આપ્યું છે.

**પ્રાંત અધિકારીની અધ્યક્ષતામાં અને ધારાસભ્ય મહેશભાઈ કસવાળાની ઉપસ્થિતિમાં**

# સા.કુંડલામાં વરસાદી પરિસ્થિતિને પહોંચી વળવા ઉચ્ચસ્તરીય બેઠક

સાવરકુંડલા, તા.૧૯

સાવરકુંડલા ખાતે પ્રાંત અધિકારીની અધ્યક્ષતામાં અને ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની ઉપસ્થિતિમાં બેઠક યોજાઈ હતી. ચોમાસાના પ્રારંભ સાથે જ સાવરકુંડલા અને આસપાસના વિસ્તારોમાં પડેલા ભારે વરસાદને કારણે સર્જાયેલી પડકારજનક પરિસ્થિતિનો સામનો કરવા માટે આ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. બેઠક દરમિયાન, ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ ઈમરજન્સી મદદ, રાહત કાર્ય, અને અન્ય આવશ્યક તૈયારીઓ અંગે વિવિધ વિભાગના અધિકારીઓ સાથે વિસ્તૃત ચર્ચા કરી હતી. વરસાદથી પ્રભાવિત વિસ્તારોમાં રાહત અને બચાવ કામગીરીને વધુ સુદ્રઢ બનાવવા માટેની રણનીતિ ઘડવામાં આવી હતી. પાણી ભરાવા, રસ્તાઓ બંધ થવા કે અન્ય કોઈ આપત્તિજનક પરિસ્થિતિમાં નાગરિકોને તાત્કાલિક સહાય પૂરી પાડવા માટે તમામ વિભાગોને સંકલનમાં રહીને કામ કરવા સૂચના આપવામાં આવી છે. આ ઉપરાંત, સાવરકુંડલા તાલુકાના ઘોબા-ફીફાદ સહિત અન્ય ગામોમાં ફસાયેલા લોકોને સફળતાપૂર્વક રેસ્ક્યુ કરવા બદલ તંત્રની ઝડપી કામગીરીને બિરદાવવામાં આવી હતી. તંત્ર દ્વારા આવા સંકટના સમયે દર્શાવવામાં આવેલી તત્પરતા અને લોકોની સુરક્ષા પ્રત્યેની પ્રતિબદ્ધતા પ્રશંસનીય છે. વહીવટી તંત્ર દ્વારા નાગરિકોને કોઈપણ પ્રકારની મુશ્કેલીમાં મદદ માટે તંત્રનો તાત્કાલિક સંપર્ક કરવા અપીલ કરવામાં આવી છે. આ બેઠકમાં નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી અને વિવિધ વિભાગના અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.



# વડેરા પ્રાથમિક શાળામાં રાષ્ટ્રીય કિશોર સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત બાળકોના આરોગ્યની તપાસ કરાઈ

વડેરા, તા.૧૯

આયુષ્યમાન આરોગ્ય મંદિર, વડેરા દ્વારા પ્રાથમિક શાળા, વડેરા ખાતે રાષ્ટ્રીય કિશોર સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત ધોરણ ૫ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે આરોગ્ય તપાસણી અને જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બાળકોના વજન, ઊંચાઈ અને BMI (બોડી માસ ઈન્ડેક્સ)ની તપાસ કરવામાં આવી હતી. આ ઉપરાંત, વિદ્યાર્થીઓને આરોગ્ય સંબંધિત મહત્વપૂર્ણ માહિતી જેવી કે વાહકજન્ય રોગો ફેલાવાના કારણો અને તેને અટકાવવાના ઉપાયો વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે આયુષ્યમાન આરોગ્ય મંદિર, વડેરાના સ્ટાફ અને શાળાના સ્ટાફ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.



# સાવરકુંડલાના હિપાવડલી ગામથી સ્મશાને અને ખેતરે જવાના રસ્તા પરનો પુલ તૂટતા હાલાકી

સાવરકુંડલા, તા.૧૯

સાવરકુંડલાથી ૩૦ કિલોમીટર છેવાડે આવેલા હિપાવડલી ગામમાં ત્રણ દિવસ પહેલા પડેલ ભારે વરસાદના કારણે સમસ્યા ઊભી થઈ છે. આ ગામમાં સ્થાનિક નાની નદી જેવું વોકળુ છે, આ ગામના સ્મશાન જવાના રસ્તે સ્થાનિક નદી ઉપર જર્જરીત પુલ હતો તે સંપૂર્ણપણે ધરાશાયી થયો છે. તેના કારણે એવી મુશ્કેલી સર્જાઈ છે કે, જો ગામમાં કોઈ અઘટિત ઘટના બને તો મૃતદેહને સ્મશાને લઈ જઈ શકાય તેવી કોઈ પરિસ્થિતિ નથી. આ ઉપરાંત આશરે ૫૦૦ વીઘા જેટલી જમીન સામે કાંઠે આવેલી છે ત્યાં જવું પણ ખેડૂતો માટે મુશ્કેલી ભર્યું છે. જેથી લોકોમાં ભારે હાલાકી જોવા મળી રહી છે.



તસવીર : સૌરભ દોશી









વસાણી પરિવાર દ્વારા રક્તદાન કેમ્પનું આયોજન કરાયું

# બગસરા રામદેવપીર મંદિરના મહંત ઘુસા ભગતને શ્રધ્ધાસૂમન અર્પણ

**સંતો-મહંતો, રાજકીય-સામાજીક આગેવાનો તેમજ તમામ સમાજના આગેવાનો હાજર રહ્યાં**





અમરેલી,તા.૧૯

બગસરા રામદેવપીર મંદિરના મહંત ઘુસા ભગતનું ૭૮ વર્ષની વયે દુ:ખદ અવસાન થયુ હતું. ઘુસા ભગતના નિધનને પગલે સમગ્ર શહેરમાં શોકનો માહોલ છવાયો હતો. સ્વ.ઘુસા ભગત છેલ્લાં ૧૪ વર્ષથી રામદેવપીર મંદિરના મહંત તરીકે સેવાપૂજા કરતા હતા. અચાનક જ તેમના નિધનથી સેવકગણોમાં પણ શોક છવાયો હતો. તાજેતરમાં ઘુસા ભગતની હાજરીમાં રામદેવપીર મંદિરમાં પુન: પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો હતો. ઘુસા ભગતના નિધન બાદ ગુરૂવારે તેમને શ્રધ્ધાસુમન અર્પણ કરાયા હતા. ખોડીયાર મંદિર નેસડીના મહંત લવજીબાપુ, આપાગીગાની જગ્યાના મહંત જેરામ બાપુ, સુડાવડ ખોડીયાર મંદિરના મહંત કરશન ભગત સહિત સંતો-મહંતો હાજર રહ્યાં હતા તેમજ નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા, ખોડલધામ ટ્રસ્ટના ટ્રસ્ટી વસંતભાઈ મોવલીયા, સુરેશભાઈ દેસાઈ, પૂર્વ ધારાસભ્ય મનસુખભાઈ ભુવા, નલીનભાઈ કોટડીયા, પટેલ સમાજના પ્રમુખ રમેશભાઈ સુહાગીયા, એ.વી. રીબડીયા, અનિલ વેકરીયા સહિતઓ, વિવિધ સમાજના આગેવાનો હાજર રહ્યા હતા. વસાણી પરિવાર દ્વારા રક્તદાન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

# બગસરા અને કુંકાવાવ ITI માં પ્રવેશ માટે ૩૦ જૂન સુધી અરજી કરી શકાશે

અમરેલી, તા.૧૯

સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા (ITI) બગસરા (મહિલા) અને કુંકાવાવ ITI ખાતે સત્ર-૨૦૨૫ માટે પ્રવેશ પ્રક્રિયા ચાલી રહી છે. પ્રવેશ મેળવવા ઈચ્છુક ઉમેદવારોએ તા. ૩૦ જૂન, ૨૦૨૫ સુધીમાં ઓનલાઈન અરજી ફોર્મ ભરવાનું રહેશે. સંસ્થામાં કોપા, વાયરમેન, વેલ્ડર, મિકેનિક, ડીઝલ, સુઈંગ ટેક્નોલોજી (સીવણ), કોસ્મેટોલોજી (બ્યુટી પાર્લર) સહિતના વિવિધ રોજગારલક્ષી ટ્રેડ્સ ઉપલબ્ધ છે. ધોરણ ૮ પાસથી ગ્રેજ્યુએટ સુધીના ઉમેદવારો https://itiadmission.gujarat.gov.in વેબસાઈટ પર ફોર્મ ભરી શકે છે. સંસ્થા ખાતે હેલ્પ સેન્ટરની સુવિધા પણ ઉપલબ્ધ છે, જ્યાં જરૂરી દસ્તાવેજો (ધોરણ ૧૦ માર્કશીટ, એલ.સી., જાતિ પ્રમાણપત્ર, આધાર કાર્ડ, પાસપોર્ટ ફોટોગ્રાફ વગેરે) રજૂ કરવાથી ઓનલાઈન ફોર્મ ભરી આપવામાં આવશે.

કાચા મકાનો ધરાશાયી, ખેતરોમાં ધોવાણ અને વાવેતરને નુકસાન, ચેકડેમ-તળાવના પાળા તૂટ્યા

# દેવગામમાં ૧૦.૫ ઈંચ વરસાદથી ભારે તારાજી : સરપંચે મુખ્ય ઉપ દંડકને વળતર માટે કરી રજૂઆત



કુંકાવાવ, તા.૧૯

કુંકાવાવ તાલુકાના દેવગામમાં ગત તારીખ ૧૬ જૂન, ૨૦૨૫ ના રોજ સાંજે શરૂ થયેલા ધોધમાર વરસાદથી ભારે તારાજી સર્જાઈ છે. માત્ર થોડા જ સમયમાં સાડા દસ ઈંચ (૧૦.૫ ઈંચ) જેટલો અતિભારે વરસાદ પડતા ગામમાં વ્યાપક નુકસાન થયું છે. આ અંગે દેવગામના સરપંચ પ્રભાતભાઈ ખોડાભાઈ લાવડિયાએ ગુજરાત રાજ્યના મુખ્ય ઉપ દંડક કૌશિકભાઈ વેકરીયાને પત્ર લખીને તાત્કાલિક સહાય અને યોગ્ય વળતરની માંગ કરી છે. સરપંચ પ્રભાતભાઈના જણાવ્યા અનુસાર, અતિવૃષ્ટિના કારણે ગામના મજૂરવર્ગના કાચા મકાનો પડી ગયા છે, અને ખેડૂતોના ખેતરોમાં પારાવાર ધોવાણ થયું છે. ખેતરોમાં કરેલું વાવેતર અને ટપક સિંચાઈ પાઈપો પણ પાણીના પ્રવાહમાં તણાઈ ગઈ છે, જેનાથી ખેડૂતોને મોટું નુકસાન થયું છે. ગામને જોડતા રસ્તાઓને પણ નુકસાન થયું છે. આ ઉપરાંત, ગામના ચેકડેમ અને તળાવના પાળા પણ તૂટી ગયા હોવાથી સ્થિતિ વધુ વિકટ બની છે. સરપંચે આ અંગેની જાણ તાલુકા વિકાસ અધિકારી (તાલુકા પંચાયત, કુંકાવાવ) અને મામલતદાર (વડીયા/ મામલતદાર કચેરી, વડીયા)ને પણ કરી છે.

તંત્ર સમક્ષ તાત્કાલિક સહાયની માંગ

# સાવરકુંડલાના ગાધકડા ગામે શાળાના બાળકોને સ્કૂલબેગ કીટનું વિતરણ કરાયું



સાવરકુંડલા, તા.૧૯

સાવરકુંડલા તાલુકાના ગાધકડા ગામે આવેલી શ્રી ગાધકડા પ્રાથમિક શાળા, શ્રી પ્લોટ પ્રાથમિક શાળા અને કલ્યાણપુર પ્રાથમિક શાળામાં બાલવાટિકા અને ધોરણ-૧માં પ્રવેશ મેળવનાર કુલ ૪૨ વિદ્યાર્થીઓને સ્કૂલબેગ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દાતા લાલજીભાઈ શેલડીયા-સુરત દ્વારા આયોજિત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખ જીતુભાઈ કાછડીયાના હસ્તે બાળકોને સ્કૂલબેગનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં તાલુકા ભાજપ પ્રમુખ રજનીભાઈ ડોબરીયા, રવજીભાઈ શેલડીયા, ભાસ્કરભાઈ જાની, ઘનશ્યામભાઈ ઠુંમર, નારણભાઈ કમાણી, મુકેશભાઈ ઠુંમર તેમજ શાળાના આચાર્ય અને સ્ટાફ ગણ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# જાફરાબાદ તાલુકાના ૧૩ ગામોના વિકાસ માટે રૂ.૧૧ કરોડનું DMF ભંડોળ મંજૂર



જાફરાબાદ, તા.૧૯

જાફરાબાદ તાલુકાના ૧૩ ગામોમાં ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉન્ડેશન (DMF) અંતર્ગત રૂ.૧૧ કરોડ જેવી જંગી રકમના વિકાસ કામો મંજૂર કરાવવા બદલ સ્થાનિક ધારાસભ્ય હીરાભાઈ સોલંકીનો જાહેરમાં આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ ભંડોળ તાલુકાના વિકાસ કાર્યોને વેગ આપશે તેવી અપેક્ષા છે. મંજૂર થયેલી રકમ મુજબ, બાબરકોટ ગામે રૂ.૧ કરોડ ૨૨ લાખ, વારાહસ્વરૂપ ગામે રૂ.૪૫ લાખ, ભાકોદર ગામે રૂ.૮૨ લાખ, વઢેરા ગામે રૂ.૧ કરોડ ૨૭ લાખ, રોહીસા ગામે રૂ.૧ કરોડ ૫ લાખ, ટીંબી ગામે રૂ.૧ કરોડ ૨૪ લાખ, છેલણા ગામે રૂ.૨૧ લાખ, લોર ગામે રૂ.૭૦ લાખ, નાગેશ્રી ગામે રૂ.૯૦ લાખ, બાલાનીવાવ ગામે રૂ.૫૧ લાખ, કાગવદર ગામે રૂ.૩૫ લાખ, લોઠપુર ગામે રૂ.૧ કરોડ ૫૩ લાખ અને વાંઢ ગામે રૂ.૮૩ લાખ જેવી મોટી રકમ મંજૂર કરવામાં આવી છે. આ વિકાસ કાર્યો માટે ધારાસભ્ય હીરાભાઈ સોલંકીનો આભાર માનનારાઓમાં અમરેલી જિલ્લા યુવા ભાજપ પ્રમુખ ચેતનભાઈ શિયાળ, અમરેલી જિલ્લા પંચાયત કારોબારી ચેરમેન કરશનભાઈ ભીલ, તાલુકા ભાજપ પ્રમુખ કુલદીપભાઈ વરૂ, તાલુકા પંચાયત પ્રમુખ બાલાભાઈ કોટડીયા, તાલુકા પંચાયત કારોબારી અનિરુદ્ધભાઈ વાળા, મહામંત્રી ચંદુભાઈ બાંભણિયા તેમજ દીપુભાઈ ધૂંધળવા અને ઉપરોક્ત તમામ ગામોના સરપંચોનો સમાવેશ થાય છે.

# અમરેલીના ગજેરા કેમ્પસમાં બોર્ડ અને રમતગમત ક્ષેત્રે તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન




અમરેલી, તા.૧૯

અમરેલી સ્થિત એસ.એચ. ગજેરા કેમ્પસ ખાતે ગુરૂવારે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બોર્ડની પરીક્ષામાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર તેમજ રમતગમત ક્ષેત્રે મેડલ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને ગૌરવભેર સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલ, ચંપાબેન વસંતભાઈ ગજેરા સ્કૂલ અને જ્ઞાનશક્તિ સ્કૂલના ધોરણ ૫ થી ૧૨ના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. ગજેરા જૂથના સંસ્થાપક વસંતભાઈ ગજેરાએ વિદ્યાર્થીઓને સંબોધિત કરતા જણાવ્યું હતું કે, "શૈક્ષણિક તેમજ સહઅભ્યાસિક પ્રવૃત્તિઓમાં ઉત્તમ કાર્ય કરનારા વિદ્યાર્થીઓ આપણા ભવિષ્યના પાયાના પથ્થર છે. તેઓને પ્રોત્સાહન આપવાથી તેમની ક્ષમતા વધુ ઊભરી શકે છે." આ તકે મંત્રી ચતુરભાઈ ખૂંટ, કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણી, સુપરવાઈઝર, પ્રિન્સિપાલ અને તમામ શૈક્ષણિક સ્ટાફ દ્વારા વિદ્યાર્થીઓને નવા શૈક્ષણિક વર્ષની શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

## અવસાન નોંધ

**સાવરકુંડલા**

કનુભાઈ રામભાઈ મૈસૂરિયાનું તા ૧૮/૬/૨૫ને બુધવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. તે પ્રવીણભાઈ રામભાઈ મૈસૂરિયાના ભાઈ તથા પ્રશાંત કનુભાઈ મૈસૂરિયા, જયદીપ કનુભાઈ મૈસૂરિયાના પિતાશ્રી થાય છે. સદગતનું બેસણું તા ૨૦/૬/૨૫ને શુક્રવારના રોજ બપોરે ૪ થી ૬ કલાકે નાઈ સમાજની વાડી, ખાતરવાડી અમરેલી રોડ, સાવરકુંડલા ખાતે રાખેલ છે.

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ),ચક્કરગઢ રોડ, અમરેલી -Ad 093
સંકુલ M.Sc. માઈક્રોબાયોલોજી - બાયોટેક્નોલોજી કોલેજ
સંકુલ M.Com. ગુજરાતી & ઈંગ્લીશ મિડીયમ કોલેજ
સંકુલ M.A. મનોવિજ્ઞાન - સમાજશાસ્ત્ર - ઈંગ્લીશ કોલેજ
સંકુલ GTU - AICTE માન્ય MBA - MCA કોલેજ
B.Pharm.-M.Pharm.-B.Ed.-PG DMLT કોલેજ

**-// તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-**

નં.મરણ/કેસ/રજી.નં.૧૮/૨૦૨૫

**પ્રતિ,**
શ્રી વજુભાઈ દાનાભાઈ પરમાર
ગામ- કાજ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
.....**અરજદાર**

**વકીલશ્રી જી.પી.રાઠોડ રહે.કોડીનાર**
**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, કાજ
તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ......**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના કાજ ગામના રહીશ શ્રી દાનાભાઈ પુંજાભાઈ પરમારના પત્ની કાનુબેન દાનાભાઈ પરમારનું મરણ તારીખ: ૦૩/૦૩/૨૦૦૮ ના રોજ કોડીનાર તાલુકાના કાજ ગામ ખાતે થયેલ છે. જેની મરણની નોંધ કોડીનાર તાલુકાના કાજ ગામના સને.૨૦૦૮ ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૯/૬/૨૦૨૫ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૦/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી,**
**(ડી.જી.વરમોરા)**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

**-// તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-**

નં.મરણ/કેસ/રજી.નં.૨૦/૨૦૨૫

**પ્રતિ,**
શ્રી સ્નેહલબેન દિલીપભાઈ વાળા
ગામ- પેઢાવાડા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
.....**અરજદાર**

**વકીલશ્રી જી.પી.રાઠોડ રહે.કોડીનાર**
**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, પેઢાવાડા
તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ......**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના પેઢાવાડા ગામના રહીશ શ્રી દિલીપભાઈ નારણભાઈ વાળાના પત્ની દિવ્યાબેન દિલીપભાઈ વાળાનું મરણ તારીખ: ૦૭/૧૧/૨૦૦૬ ના રોજ કોડીનાર તાલુકાના પેઢાવાડા ગામ ખાતે થયેલ છે. જેની મરણની નોંધ કોડીનાર તાલુકાના પેઢાવાડા ગામના સને.૨૦૦૬ ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૯/૬/૨૦૨૫ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૦/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી,**
**(ડી.જી.વરમોરા)**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

અમરેલીના અતિ વિકસિત એવા ૪-લેન લીલીયા રોડ ઉપર
ફક્ત ૩૫ મકાનની પેક સોસાયટી
3BHK બંગલો
સેમ્પલ હાઉસ તૈયાર છે.



રાધેશ્યામ નગરી
સિમંધર સોસાયટીની બાજુમાં, લીલીયા રોડ, અમરેલી
રૂા.૧,૮૦,૦૦૦/- ની સબસીડી મળવાપાત્ર
ઉપલબ્ધ સુવિધાઓ
● પાણી, સ્ટ્રીટલાઈટ, ડ્રેનેજ તથા ૨૫-ફુટનો ઈન્ટરનલ રોડની ઉતમ સુવિધા સાથે ● સ્ટાન્ડર્ડ કંપનીના પાઈપ ફીટીંગ તથા મોડ્યુલર સ્વીચ બોર્ડ અને ઈલેકટ્રીક વાયરીંગ ● ટાઈટલ કલીયર અને લોનેબલ ● SBI અને બેંક ઓફ બરોડાની લોન મળવાપાત્ર
સંપર્ક: મો. ૭૦૧૬૨ ૩૦૦૨૧, ૯૭૨૩૦ ૭૪૦૮૯

નિત્યા સ્કીન ક્લિનીક
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર
ઉપલબ્ધ સારવાર
• ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
• વાળ તથા નખને લગતા રોગોની સારવાર
• એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
• અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
• Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
• Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
• Botox, Filler, Thread Lift
• Hair Transplantation
ડો. જુહી ઠકકર
M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ
ઉપલબ્ધ સારવાર
• જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
• દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
• ગંભીર ફ્રેકચર તથા એક્સીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
• રશિયન પદ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
• બે કલાસ 100 મોડ્યુલર ઓપરેશન થીયેટર
ડો. પ્રતિક પ્રજાપતિ
M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજો માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

### સતત ઉડતા પ્લેનથી લોકોમાં ફફડાટ, સમસ્યા દૂર કરવાની કલેકટરે ખાતરી આપી

# અમરેલીમાં પ્લેન ક્રેશના ભયથી લોકોમાં રોષ, કલેક્ટરને આવેદનપત્ર

અમરેલી,તા.૧૯

અમરેલી શહેરમાં પાઈલોટ ટ્રેનિંગ સેન્ટર દ્વારા સતત ઉડતા પ્લેનોને કારણે સ્થાનિક રહીશોમાં ભયનો માહોલ છવાયો છે. અમદાવાદમાં થયેલ પ્લેન ક્રેશની ઘટનાને લઈ અમરેલી શહેરના નાગરિકોમાં પણ ભયનો માહોલ છવાયો છે. જેથી આ બાબતે મોટી સંખ્યામાં નાગરિકોએ જિલ્લા કલેક્ટર કચેરીમાં આવેદનપત્ર સુપરત કરી વિરોધ નોંધાવ્યો હતો. રહીશોના જણાવ્યા મુજબ સવારે ૭ વાગ્યાથી મોડી રાત સુધી શહેર ઉપર પ્લેન ઉડતા રહે છે. આ પ્લેન સિંગલ એન્જિનવાળા અને ગુણવત્તા વગરના હોવાનો આક્ષેપ પણ કરાયો છે. ભૂતકાળમાં ગિરિયા વિસ્તારમાં પ્લેન ક્રેશ થયું હતું, જેમાં એક પાઈલોટનું



મૃત્યુ થયું હતું, જેનાથી લોકોના ડરમાં વધારો થયો છે. અમરેલી નગરપાલિકાના પૂર્વ ચેરમેન સુરેશભાઈ શેખવાએ જણાવ્યું કે, સ્કૂલો, હોસ્ટેલો, રમતગમતના મેદાનો અને રહેણાંક વિસ્તારો ઉપર જોખમી રીતે પ્લેન ઉડે છે. તેમણે ટ્રેનિંગ સેન્ટરના સંચાલકો પાસે યોગ્ય પરમિશન અને ફ્યુઅલ સિસ્ટમની ચકાસણીની માંગ કરી છે. કલેક્ટરે સમસ્યા દૂર કરવાની ખાતરી આપી છે. જો યોગ્ય પગલાં નહીં લેવાય તો ૨૯મી તારીખે રાજકમલ ચોકમાં ઉપવાસ આંદોલન શરૂ કરવાની ચીમકી પણ આપવામાં આવી છે, અને સ્થાનિક નેતાઓએ તમામ પ્રતિનિધિઓને આ આંદોલનમાં જોડાવા અપીલ કરી છે.

# રાજુલાના ખાખબાઈ ગામના ખેડૂતનો મૃતદેહ ધાતરવડી નદીમાંથી મળ્યો

અમરેલી,તા.૧૯



રાજુલા તાલુકાના ખાખબાઈ ગામના ૬૦ વર્ષીય ખેડૂત જેરામભાઈ દેવશીભાઈ હડીયાનો મૃતદેહ ગુરૂવારે વહેલી સવારે ધાતરવડી નદીમાંથી મળી આવ્યો હતો. જેરામભાઈ ધાતરવડી ડેમના દરવાજાથી ૨૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલા વિસ્તારમાંથી ગુમ થયા હતા.જેરામભાઈ ગુમ થયા બાદ તેમના પરિવારજનો દ્વારા દિવસભરની શોધખોળ બાદ મોડી રાત્રે રાજુલા પોલીસ અને વહીવટી તંત્રને જાણ કરાઈ હતી. તાલુકા પંચાયતના એ.ટી.ડી.ઓ. અને તલાટી મંત્રીએ ગ્રામજનો પાસેથી માહિતી મેળવી નદી કાંઠાના વિસ્તારમાં શોધખોળ હાથ ધરી હતી. ખાખબાઈ ગામ નજીક ધાતરવડી ડેમના દરવાજા છેલ્લા બે દિવસથી ભારે વરસાદને કારણે ખુલ્લા હોવાથી નદીમાં પાણીનો પ્રવાહ ધસમસતો વહી રહ્યો હતો.ગુરૂવારે વહેલી સવારે જેરામભાઈનો મૃતદેહ નદીમાંથી મળી આવતા સ્થાનિક લોકોએ તેને બહાર કાઢ્યો હતો. રાજુલા હોસ્પિટલમાં ફરજ પરના ડોક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતા.

# સાવરકુંડલા શહેરમાં અંધારામાં લપાતા છુપાતા બે શખ્સો પકડાયા

**સાવરકુંડલા પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી**

સાવરકુંડલા, તા.૧૯

અમરેલી જિલ્લા સહિત સાવરકુંડલામાં પણ શ્રીકાર વર્ષાના કારણે ટાઢોડું છવાઈ ગયું છે. જેનો લાભ લઈ કેટલાક ઈસમો ચોરીને અંજામ આપવા સક્રિય બન્યા છે. સાવરકુંડલામાંથી પોલીસે અંધારામાં લપાતા છુપાતા બે ઈસમોને ઝડપી પાડ્યા હતા.

ભરતભાઈ છનાભાઈ ચાવડા (ઉ.વ.૪૨) તથા ધર્મેશનાથ રામનાથ પરમાર (ઉ.વ.૩૧) રાત્રીના અંધારામાં લપાતા છુપાતા ગુનો કરવાના ઈરાદે સૂર્યાસ્તથી સૂર્યોદય સુધીના સમયગાળામાં ભટકતા મળી આવ્યા હતા.

### રસ્તા બાબતે ગ્રામજનોએ ગાંધીચિંધ્યા માર્ગે આંદોલનની ચીમકી આપી

# ચલાલા-ગોપાલગ્રામ રોડની દયનીય હાલતઃ લોકોમાં ઉગ્ર રોષ

**ધારાસભ્યને રજૂઆત કરવા છતાં કોઈ કામગીરી કરવામાં આવી નહી**

ચલાલા, તા. ૧૯

ચલાલા અને ગોપાલગ્રામને જોડતો સાત કિલોમીટરનો રસ્તો અતિશય બિસ્માર હાલતમાં છે, જેના કારણે સ્થાનિક લોકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. ગોપાલગ્રામના લોકોના જણાવ્યા અનુસાર, આ રસ્તા પર બે-બે ફૂટના ખાડા પડી ગયા છે, જેના કારણે વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.



તસવીર : દીપ કારીયા

આ રસ્તો ૧૦ મિનિટનો હોવા છતાં, તેની ખરાબ હાલતને કારણે ૪૫ મિનિટ જેટલો સમય લાગે છે. શાળાઓ, હાઈસ્કૂલો, દવાખાના અને બેંકમાં ફરજ બજાવતા કર્મચારીઓ પણ આ રસ્તાથી ત્રાહીમામ પોકારી ઉઠયા છે. ખખડધજ રસ્તાને કારણે પીઠ અને કમરના દુઃખાવાથી લોકો ત્રસ્ત બન્યા છે. રસ્તાને કારણે કર્મચારીઓ બદલી માંગી રહ્યાં છે. ધારાસભ્ય જે.વી. કાકડીયા પણ આ માર્ગથી બગસરા જતા હોવા છતાં તેમને પણ આ માર્ગની હાલત દેખાતી નથી. છકડો રિક્ષાચાલક કનુભાઈ ભીસરીયા અને પંકજભાઈ સોલંકીએ જણાવ્યું કે, તેમનો ધંધો આ રસ્તાના કારણે ભાંગી પડ્યો છે, અને રીક્ષામાં દર મહિને ૨-૩ હજાર રૂપિયાનું રીપેરિંગ કરાવવું પડે છે. સ્થાનિક લોકોએ ધારાસભ્ય અને તંત્રને અનેકવાર રજૂઆતો કરવા છતાં કોઈ કાર્યવાહી થઈ નથી. ગોપાલગ્રામના લોકોની ઉગ્ર માંગણી છે કે, આ સાત કિલોમીટરનો રસ્તો વહેલી તકે નવો બનાવવામાં આવે. જો એક મહિનામાં કામ શરૂ નહીં થાય તો, ગ્રામજનોએ ગાંધીચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી છે.

# અમરેલી જિલ્લામાં દેશી દારૂ અને બીયરના ટીન સાથે યુવકોને ઝડપી પાડતી પોલીસ

**વિવિધ સ્થળેથી ૨૦ શરાબી ઝડપાયા**

અમરેલી, તા.૧૯

અમરેલી જિલ્લામાં બે જગ્યાથી દારૂ પકડાયો હતો. ચલાલા-સાવરકુંડલા રોડ ઉપર આવતા આશરે ચાર કિ.મી. દુર કેરાળા-ઈંગોરાળા ગામની વાડી વિસ્તાર બેઠા પુલ પાસેથી બાઈક લઈને પસાર થતાં યુવકોને અટકાવી તલાશી લેતાં એક લીટર દેશી દારૂ, બિયરનું ટીન મળ્યું હતું. પોલીસે બાઈક સહિત ૧૦,૪૨૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

ચલાલા પોલીસ સ્ટેશનના એએસઆઈ એન.બી. દાફડા વધુ તપાસ કરી રહ્યા છે. સાવરકુંડલા ગુરુકુળ રોડ પર કોલેજના પટ્ટામાં એક યુવક ભારતીય બનાવટના વિદેશી દારૂની એક બોટલ સાથે પકડાયો હતો.

જિલ્લામાં વિવિધ સ્થળેથી ત્રણ મહિલા સહિત ૧૭ ઈસમો પાસે પીવાનો દેશી દારૂ મળ્યો હતો. આ સિવાય જિલ્લામાં વિવિધ સ્થળેથી ૨૦ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં જાહેરમાં મળી આવ્યા હતા.

# ભરડા અને રામપરા-૨ ગામે વીજશોકથી ગાયનું મોત

અમરેલી, તા.૧૯

અમરેલી જિલ્લામાં વરસાદની શરૂઆત સાથે જ વીજશોકની ઘટના પણ સામે આવવા લાગી છે. ભરડા અને રામપરા-૨ ગામે વીજશોકથી બે ગાયના મોત થયા હતા. અમરેલીના ભરડા ગામે રહેતા મનીષભાઈ બાઘાભાઈ બતાડા (ઉ.વ.૩૮)એ જાહેર કર્યા મુજબ, તેમની ગાય જીઈબી લાઈનનો અકસ્માતે ઈલેક્ટ્રિક શોક લાગતા સારવાર મળે તે પહેલા સ્થળ પર મરણ પામી હતી. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ જે.કે. ડામોર વધુ તપાસ કરી રહ્યા છે. રાજુલાના રામપરા-૨ ગામે રહેતા જંડુરભાઈ ભાયાભાઈ વાઘ (ઉ.વ.૪૬)એ જાહેર કર્યા મુજબ સબ સ્ટેશનના થાંભલા પાસે લગાવેલા તારમાંથી ઈલેક્ટ્રિક શોક લાગતાં તેમની ગાય મરણ પામી હતી. મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના એએસઆઈ એચ.એલ. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીના ચાંદગઢ-લાપાળીયામાં ભારે વરસાદથી ખેતરોમાં ધોવાણ

અમરેલી, તા.૧૯

અમરેલી જિલ્લામાં ગત તારીખ ૧૬ જૂન, ૨૦૨૫ના રોજ નોંધાયેલા ભારે વરસાદના કારણે અમરેલી તાલુકાના ચાંદગઢ અને લાપાળીયા ગામોમાં વ્યાપક નુકસાન થયું છે. ભારે વરસાદને કારણે ખારી અને સફરા નદીઓમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ હતી, જેના પરિણામે નદીના પાણી ખેતરોમાં ફરી વળ્યા હતા. આ પૂરના



કારણે અનેક ખેતરોમાં મોટા પાયે ધોવાણ થયું છે. ખેડૂતોના ઊભા પાકને નુકસાન થવા ઉપરાંત જમીનનું પણ ધોવાણ થયું હોવાના અહેવાલો છે, જેનાથી ખેડૂતોને મોટું આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિઃ નોમ
તા. ૨૦-૦૬-૨૦૨૫, શુક્રવાર, સૂર્યોદય-૦૫:૨૩,
સૂર્યાસ્ત-૦૭:૨૧, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્રઃ રેવતી

## દૈનિક રાશિફળ

તા.૨૦-૦૬-૨૦૨૫ શુક્રવાર

- મેષઃ આજનો દિવસ તમારા માટે ખૂબ ફાયદાકારક રહેશે. તમારી રચનાત્મક વિચારસરણીને પૂર્ણ કરવા માટે તમે દિવસભર સખત મહેનત અને ભાગદોડમાં રોકાયેલા રહેશો.
- વૃષભઃ આજે સમૃદ્ધિનો દિવસ રહેશે, પરંતુ તમે સખત મહેનત કરવાના પક્ષમાં નહીં રહો, આળસથી દિવસની શરૂઆત થશે.
- મિથુનઃ આજે પણ સંજોગો તમારા માટે અનુકૂળ બન્યા છે, પરંતુ બેદરકારીને લીધે તમે કોઈપણ કાર્ય યોગ્ય સમયે પૂર્ણ કરી શકશો નહીં.
- કર્કઃ આજનો દિવસ સારો રહેશે, પરંતુ તમે ઉતાવળમાં ભૂલ કરી શકો છો. જો તમે તમારી આવડત કરતા મોટું કામ કરો છો તો તમે મુશ્કેલીમાં ફસાઈ શકો છો.
- સિંહઃ આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. દિવસની શરૂઆતમાં વિવાદ થઈ શકે છે, તેથી વર્તનમાં સંયમ રાખો અને ધીરજથી મામલો સંભાળો.
- કન્યાઃ આજનો દિવસ લાભકારક રહેશે. તમારી હાજરીમાં લોકો હળવાશ અનુભવશે. કાર્યસ્થળ પર કોઈ કાર્ય સમયસર કરવામાં આવશે નહીં.
- તુલાઃ આજે તમે શાંતિથી દિવસ વિતાવવાનું વિચારી રહ્યા છો, પરંતુ પરિવારના સભ્યો તમારી ઇચ્છાઓને પૂર્ણ કરવામાં અવરોધરૂપ બનશે.
- વૃશ્ચિકઃ નોકરી કરતા લોકો અધિકારીઓના વિપરીત વર્તનથી પરેશાન થઈ શકે છે. વ્યાવસાયિક ભાગીદારો સાથે તણાવ પેદા થઈ શકે છે.
- ધનઃ આજનો દિવસ મિશ્રિત ફળદાયી છે. જોબસીકર્સ અને ધંધાકીય લોકોએ કોઈપણ ભૂલની ભરપાઇ કરવા માટે તેમની દિનચર્યામાં ફેરફાર કરવો પડશે.
- મકરઃ આજે તમારું ધ્યાન કામ કરતા મનોરંજન તરફ વધુ આકર્ષિત થશે, જેના કારણે અનેક કાર્યો અધૂરા રહી શકે છે અથવા મોડા પૂરા થશે.
- કુંભઃ આર્થિક સ્થિતિ ધીરે ધીરે સારી થઈ જશે. પાડોશીઓની નાની નાની બાબતોને અવગણો, નહીં તો વિવાદ વધુ થઈ શકે છે.
- મીનઃ આજનો દિવસ તમારા માટે વિશેષ શુભ દિવસ છે. ઘરના વરિષ્ઠ લોકો તમારી વાત સાંભળશે અને સહકાર માટે આગળ આવશે.

# પીપાવાવ ધામમાં પૂર રાહત અને સંરક્ષણ દિવાલ બનાવવા માંગ

અમરેલી,તા.૧૯

ગત ૧૬મી જૂને પીપાવાવ ધામમાં જોલાપરી અને હાડીકા નદીઓમાં અતિભારે વરસાદને કારણે આવેલા પૂરથી રહેણાંક વિસ્તારો અને મકાનોમાં પાણી ઘૂસી ગયા હતા. આને કારણે ઘરવખરી, માલસામાન અને મકાનોને વ્યાપક નુકસાન થયું હતું. જેથી ગ્રામજનોએ નાયબ કલેક્ટરને



આવેદનપત્ર સુપરત કરીને રજૂઆત કરી હતી. ગ્રામજનોએ પીપાવાવ ધામ ગામમાં થયેલા નુકસાન માટે તાત્કાલિક સહાય ચૂકવવા અને ભવિષ્યમાં આવા બનાવ રોકવા માટે પૂર સંરક્ષણ દિવાલ બનાવવાની માંગ કરી હતી. આ તકે, માજી સરપંચ ભાણાભાઈ મોહનભાઈ ગુજરીયા, ભાણાભાઈ મંગાભાઈ, પ્રતાપભાઈ ગુજરીયા, ભાણાભાઈ, નરસિંહભાઈ, મેઘાભાઈ, બાબુભાઈ અને સાખટભાઈ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે રાજુલાના પ્રાંત અધિકારી બરાસરાને આવેદનપત્ર આપીને તાત્કાલિક સહાયની કામગીરી શરૂ કરવાની ઉગ્ર માંગ કરી હતી.

# અમરેલીમાં જાહેરનામાનો ભંગ કરતો વાહનચાલક ઝડપાયો

**નાગનાથ સર્કલ પાસેથી જાહેર માર્ગો પર અડચણરૂપ પાર્ક કરવા બદલ જાહેરનામાનો ભંગ કરતા ઝડપાયો**

અમરેલી, તા.૧૯

અમરેલીમાં સેન્ટર પોઈન્ટ લાઠી રોડ તરફથી નાગનાથ સર્કલ તરફ આકાશભાઈ કિરીટભાઈ રાઠોડ (ઉ.વ.૩૩) અમરેલી શહેરમાં સવારે ૬ થી રાત્રિના ૧૦ સુધી ભારેથી અતિભારે વાહનો જેવા કે છ કે તેથી વધુ વ્હીલવાળા બસ, ટ્રક જેવા તમામ વાહનોને અમરેલી શહેરમાં પ્રવેશ તથા અવરજવર તેમજ જાહેર માર્ગો પર અડચણરૂપ પાર્ક કરવા બદલ જાહેરનામાનો ભંગ કરતા ઝડપાયો હતો. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ મેહુલકુમાર વિનુભાઈ મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

# જિલ્લાભરમાંથી કેફી પીણું પીને વાહન ચલાવતાં ૧૨ ઈસમો ઝડપાયા

અમરેલી, તા.૧૯

અમરેલી જિલ્લામાંથી કેફી પીણું પીને વાહન ચલાવતાં ૧૨ ઈસમો ઝડપાયા હતા. ડુંગર, જાફરાબાદ, મરીન પીપાવાવ, નાગેશ્રી, સાવરકુંડલા, રાજુલામાંથી આ ઈસમો ઝડપાયા હતા.

તેમની સામે પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી હતી.

# દામનગર શહેરમાં વીજળીની અનિયમિતતાથી લોકોમાં ભારે રોષ

અમરેલી,તા.૧૯

દામનગર શહેરમાં છેલ્લા એક માસથી સતત વીજ નિયમન વ્યવસ્થા ખોરવાઈ જતા લોકો ત્રાહીમામ પોકારી ઉઠયા છે. ખેતીવાડીમાં વારંવાર વીજ પુરવઠો ખોરવાઈ રહ્યો છે. છેલ્લા એક માસથી ઝબુક વીજળી ઝબૂક થતા લોકો ભારે પરેશાન છે. છેલ્લા એક માસથી દામનગર પી.જી.વી.સી.એલ તંત્રની ઘોર બેદરકારીનો ભોગ લોકો બની રહ્યા છે. અનેક વિસ્તારોમાં લો વોલ્ટેજની સમસ્યા ઉભી થવા પામી છે. આ અંગે શહેરીજનોને વારંવાર વીજતંત્રને રજૂઆત કરવા છતાં તંત્ર દ્વારા યોગ્ય નિરાકરણ આવતુ નથી. ચોમાસાનું આગમન થઈ ગયુ હોવા છતાં વીજતંત્ર દ્વારા પ્રિ-મોન્સૂનની યોગ્ય કાર્યવાહી કરવામાં આવી ન હોવાનું ચર્ચાઈ રહ્યુ છે. શહેરીજનોને વારંવાર વીજળી આવનજાવનથી પરેશાનીનો સામનો કરવો પડતો હોવાથી આ સમસ્યા દૂર કરવા માંગ કરવામાં આવી છે.

# સાવરકુંડલા લુહાર જ્ઞાતિ સમાજ વાડી ખાતે ૯૪મો લક્ષ્મીનારાયણ દેવ પ્રાણ પ્રતિષ્ઠા પાટોત્સવ ઉજવાયો

સાવરકુંડલા, તા.૧૯

સાવરકુંડલામાં શ્રી લુહાર જ્ઞાતિ સમાજ વાડી ખાતે બિરાજમાન શ્રી લક્ષ્મીનારાયણ દેવ મંદિરનો ૯૪મો પ્રાણ પ્રતિષ્ઠા પાટોત્સવ ઉજવવામાં આવ્યો હતો. આ પાવન પ્રસંગે સવારે ૯ કલાકે ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ દેવનું ભવ્ય પૂજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સવારે ૧૦:૩૦ કલાકે ધ્વજારોહણનો કાર્યક્રમ યોજાયો હતો. ધ્વજારોહણ બાદ શ્રી



લક્ષ્મીનારાયણ દેવની આરતી ઉતારવામાં આવી હતી. આ કાર્યક્રમના અંતે, સવારે ૧૧:૩૦ કલાકે સમસ્ત લુહાર પરિવાર માટે સમૂહ ભોજન પ્રસાદનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આજની પૂજન વિધિમાં મૂળજીભાઈ નારણભાઈ ડોડીયા પરિવારના મહેન્દ્રભાઈ અમૃતલાલ ડોડીયાના પુત્ર અને પુત્રવધૂ યશનાબેન બંટીભાઈ ડોડીયાએ પૂજન કર્યું હતું.

તંત્રી લેખ

# આસામ પર નેચરલ ગેસની આફત

આસામના ખનીજ તેલના એક કૂવામાંથી મોટા પ્રમાણમાં નેચરલ ગેસનું લીકેજ થઈ રહ્યું છે જેને કારણે હજારો લોકો પ્રભાવિત થઈ રહ્યા છે. ભારતમાં પેટ્રોલિયમ અને નેચરલ ગેસના ઉત્પાદનમાં આસામ સિંહફાળો આપે છે. ઓઈલ એન્ડ નેચરલ ગેસ કમિશન દ્વારા ત્યાં મોટા પ્રમાણમાં ગેસનું ઉત્પાદન થઈ રહ્યું છે. છેલ્લા એક સપ્તાહથી આ તેલ કૂવામાંથી ખૂબ મોટા પ્રમાણમાં નેચરલ ગેસનું લીકેજ થઈ રહ્યું છે જેને કારણે હજારો લોકો પ્રભાવિત થઈ રહ્યા છે. આસામમાં ગેસ લીકેજથી આઠ કિમી વિસ્તારમાં ઘણાં લોકો બીમાર પડી રહ્યા છે. નેચરલ ગેસ (Natural Gas) એ ફોસિલ ફ્યુઅલ (અશ્મિભૂત ઈંધણ) છે, જેમાં મુખ્યત્વે મિથેન ($CH_4$) હોય છે અને તેની સાથે નાના પ્રમાણમાં અન્ય હાઈડ્રોકાર્બન, કાર્બન ડાયોક્સાઈડ, નાઈટ્રોજન અને હાઈડ્રોજન સલ્ફાઈડ જેવા ઘટકો પણ હોય છે. તે જમીનની અંદર અથવા ઓઈલ ફિલ્ડ્સમાંથી મળી આવે છે. નેચરલ ગેસનો ઉપયોગ ઘર, ઓફિસ, ઉદ્યોગો અને વીજળી ઉત્પાદનમાં થાય છે. નેચરલ ગેસ જ્યારે બળે છે ત્યારે તે જુદા જુદા પ્રદૂષકોનું ઓછું ઉત્સર્જન કરે છે અને કોલ અથવા ઓઈલ કરતાં ઓછો કાર્બન ડાયોક્સાઈડ પેદા કરે છે. આ ગેસ આસામની ડ્રીલિંગ રિંગમાંથી મોટા પ્રમાણમાં લીકેજ થઈ રહ્યો છે તેને અટકાવવા માટે નિષ્ણાંતો પ્રયાસ કરી રહ્યા છે પણ હજુ સુધી તેને સફળતા મળી નથી. આ ગેસનું ઉત્પાદન ongc દ્વારા કરવામાં આવી રહ્યું છે. ઓઈલ એન્ડ નેચરલ ગેસ કમિશન દ્વારા આ સમસ્યાને નિવારવા માટે દિન રાત પ્રયાસ કરવામાં આવી રહ્યા છે છતાં તેને કંટ્રોલ કરવામાં હજુ સુધી સફળતા મળી નથી. ભારતમાં ઓએનજીસી (ONGC) જેવી કંપનીઓ નેચરલ ગેસનું ઉત્પાદન અને વિતરણ કરે છે. આસામ ભારતના કુદરતી ગેસ ઉત્પાદનમાં નેતૃત્વ ભજવે છે. દેશના કુલ ઓન-શોર નેચરલ ગેસ ઉત્પાદનમાં આસામ ૫૦ ટકાથી વધુ હિસ્સો ધરાવે છે. આસામમાં કુદરતી ગેસનું વિતરણ અને વ્યવસ્થાપન માટે અસમ ગેસ કંપની લિમિટેડ (Assam Gas Company Limited) જેવી સંસ્થાઓ સક્રિય છે, જે ૫૦૦થી વધુ ઔદ્યોગિક ગ્રાહકો અને ૧૨૦૦થી વધુ વ્યાપારી ગ્રાહકોને સેવા આપે છે. આસામ રિજનલ ગેસ નેટવર્ક (Assam Regional Gas Netwrok) આસામના ગોલાઘાટ, જોરહાટ, શિબસાગર, ડિબ્રુગઢ અને ટિનસુકિયા જિલ્લાઓમાં લાંબી પાઈપલાઈન દ્વારા ગેસનું વિતરણ કરે છે. આ પાઈપલાઈનની ક્ષમતા ૨.૪૨૮ MMSCMD છે અને લંબાઈ ૧૦૪.૭૩ કિ.મી. છે. આસામ સરકારે હાલમાં ગુવાહાટીમાં પાઈપ્ડ નેચરલ ગેસ પ્રોજેક્ટ શરૂ કર્યો છે, જેમાં ૧૦૧ પરિવારોને પ્રથમ ચરણમાં ગેસ સપ્લાય કરવામાં આવે છે. આ પ્રોજેક્ટનો લક્ષ્યાંક સપ્ટેમ્બર ૨૦૨૮ સુધી કામરૂપ (મેટ્રો)માં સંપૂર્ણ પાઈપ્ડ ગેસ સર્વિસ પૂરી કરવાનો છે. આ ઉપરાંત, ચીફ મિનિસ્ટરે કહ્યું છે કે આસામમાં પૂરતો ગેસ ઉપલબ્ધ છે અને સીએનજી સ્ટેશનોની સંખ્યા વધારવાની યોજના છે, જેથી હવાની ગુણવત્તા સુધરે. દેશના પ્રદૂષણમાં ઘટાડો લાવવા અને સ્વચ્છ ઊર્જા તરફ વળવા આસામ દેશના અન્ય રાજ્યો માટે એક ઉદાહરણ બની રહ્યું છે. નોર્થ ઈસ્ટ ગેસ ડિસ્ટ્રિબ્યુશન કંપની લિમિટેડ (NEGDCL) જેવી સંસ્થાઓ શહેરી ગેસ વિતરણ અને સીએનજી નેટવર્ક વિકસાવવા માટે કાર્યરત છે, જે લોકોને સસ્તી, સુરક્ષિત અને પર્યાવરણ-મિત્ર ગેસ સપ્લાય આપે છે. આમ, આસામમાં કુદરતી ગેસની વ્યવસ્થા ગ્રામીણ અને શહેરી વિકાસ, ઔદ્યોગિક વિકાસ અને પર્યાવરણ સંરક્ષણ માટે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

# ઈરાનના અભેદ્ય બંકર તોડવા સ્ટીલ્થ ફાઈટર પણ નાકામયાબ



પ્રાસંગિક
સુરેશ દેસાઈ

ઈઝરાયલે ગઈકાલે ઈરાનના ભૂગર્ભ અણુમથકોનો નાશ કરવા અનેક મિસાઈલ દાગી પરંતુ કશું જ થયું નહીં. આ અણુમથકોનો નાશ કરવા કેવા પ્રકારના ફાઈટર વિમાનની જરૂર છે, તેમાં કેવી ટેકનોલોજી હોવી જોઈએ તેની આજે જગતભરમાં ચર્ચા થઈ રહી છે. ઈઝરાયલ અને ઈરાન વચ્ચેનું યુદ્ધ દિવસે દિવસે ભયાનક બનતું જાય છે. ઈઝરાયલે અનેક મિસાઈલો દ્વારા ઈરાનના તહેરાન સહિતના શહેરો પર એટેક કર્યા. તેના અણુમથકો ઉપર પણ એટેક કર્યો પરંતુ આ અણુમથક નષ્ટ થઈ શક્યા નથી કારણ કે તે જમીનમાં ૩૦૦ ફૂટ જેટલા ઊંડે આવેલા છે. આ માટે જે બોમ્બ વપરાય તે ઈઝરાયલ પાસે નથી. પરંતુ આ માટે જે ફાઈટર વિમાન વપરાય તે વિશ્વના અડધો ડઝન દેશો પાસે જ છે. આવા ફાઈટર વિમાન અત્યંત ઉચ્ચસ્તરની ટેકનોલોજીથી બનેલા હોય છે. તેનું ઉત્પાદન હવે ભારતમાં પણ થાય તે માટેના ચક્રો ગતિમાન થઈ ચૂક્યા છે. સ્ટીલ્થ ફાઈટર જેટ એ એવા લડાયક વિમાન છે જે રડારથી છુપાઈ શકે છે અને દુશ્મનના રડારમાં પકડાતા નથી. આ વિમાનમાં સ્ટીલ્થ ટેકનોલોજીનો ઉપયોગ થાય છે જે તેને રડાર, ઈન્ફ્રારેડ અને અન્ય સિસ્ટમથી અદ્રશ્ય રાખે છે. ભારત હવે ૫મી પેઢીના સ્ટીલ્થ ફાઈટર જેટ વિકસાવવા જઈ રહ્યું છે, જેને AMCA (એડવાન્સ્ડ મીડિયમ કોમ્બેટ એરક્રાફ્ટ) કહેવામાં આવે છે. આ પ્રોજેક્ટ હેઠળ પાંચ પ્રકારના પ્રોટોટાઈપ બનાવવાની યોજના છે. AMCA વિમાનમાં સ્ટીલ્થ ટેકનોલોજી, હાઈ સ્પીડ, એડવાન્સ્ડ એવિઓનિક્સ અને બહુવિધ ભૂમિકાની ક્ષમતા હશે, જે ભારતીય વાયુસેનાને વધુ મજબૂત બનાવશે. આ વિમાન દેશની સંરક્ષણ આત્મનિર્ભરતા માટે મહત્વપૂર્ણ છે અને ભારતને અમેરિકા, રશિયા અને ચીન જેવા દેશોના સ્ટીલ્થ ફાઈટર જેટ ક્લબમાં જોડાવાનો મોકો આપશે. સ્ટીલ્થ ફાઈટર જેટ એ અદ્યતન લડાયક વિમાન છે જે રડારથી છુપાઈ શકે છે અને ભારત હવે પોતાનું ૫મી પેઢીનું સ્ટીલ્થ ફાઈટર જેટ AMCA બનાવવાનું શરૂ કરી રહ્યું છે, જે દેશની હવાઈ સુરક્ષા માટે ક્રાંતિ લાવશે. ભારતના સંરક્ષણ મંત્રાલયે નવીનતમ 'પાંચમી પેઢીના સ્ટીલ્થ' ફાઈટર એરક્રાફ્ટના સ્થાનિક ઉત્પાદનને મંજૂરી આપી છે અને સંરક્ષણ કંપનીઓને આ ફાઈટર એરક્રાફ્ટના પ્રોટોટાઈપ બનાવવા માટે 'એક્સપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ' (બિડ) સબમિટ કરવા જણાવ્યું છે. હાલમાં ફક્ત અમેરિકા, રશિયા અને ચીન જ અત્યંત અસરકારક સ્ટીલ્થ ફાઈટર એરક્રાફ્ટ વિકસાવી રહ્યા છે. ભારતીય સંરક્ષણ નિષ્ણાતોના મતે, ભારતીય વાયુસેનાની લડાયક ક્ષમતા વધારવા માટે આ એક મોટો પ્રોજેક્ટ છે અને આ પ્રોજેક્ટમાં ખાનગી કંપનીઓને પણ સામેલ કરવામાં આવી રહી છે. સંરક્ષણ મંત્રાલય દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, "આ પ્રોજેક્ટ દેશની કુશળતા અને ક્ષમતાનો ઉપયોગ કરીને સ્ટીલ્થ ફાઈટર જેટનું પ્રાયોગિક મોડેલ વિકસાવવા તરફ એક મોટું પગલું છે." હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL), એક સરકારી માલિકીની ભારતીય કંપની છે જેને ફાઈટર એરક્રાફ્ટ અને હેલિકોપ્ટરના ઉત્પાદનનો અનુભવ છે. HAL એ ભારતનું પહેલું હલકું લડાયક વિમાન 'તેજસ' બનાવ્યું છે, જે ભારતીય વાયુસેના અને નૌકાદળના કાફલામાં સામેલ છે. હવે પાંચમી પેઢીના સ્ટીલ્થ ફાઈટર જેટની જવાબદારી એરોનોટિકલ ડેવલપમેન્ટ એજન્સીને સોંપવામાં આવી છે અને એજન્સી ટૂંક સમયમાં ખાનગી કંપનીઓ સાથે સહયોગ માટે 'ઈન્સ્ટ્રુમેન્ટ ઓફ ઈન્ટરેસ્ટ' જારી કરશે. ભારતમાં, 'ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ્સ લિમિટેડ' એક ખાનગી કંપની છે જે સંરક્ષણ વિમાનોના ઉત્પાદન અને એસેમ્બલિંગમાં નિષ્ણાત છે. એલેક્સ પિટ્સાસના મતે, આ વિમાનોએ શસ્ત્ર પ્રણાલી, ચાલાકી અને સતત સુપરસોનિક ઉડાન જેવા ક્ષેત્રોમાં પણ નોંધપાત્ર પ્રગતિ કરી છે. "પાંચમી પેઢીના ફાઈટર એરક્રાફ્ટ એ અદ્યતન ફાઈટર એરક્રાફ્ટ છે, જે સ્ટીલ્થ, સુપરક્રૂઝ અને ડિજિટલ ટેકનોલોજીથી સજ્જ છે. તેમાં રડારથી બચવાની ક્ષમતા છે, જેના કારણે દુશ્મનો તેમને સરળતાથી જોઈ શકતા નથી." "નવી એન્જિન ડિઝાઈન, કૂલિંગ સિસ્ટમ્સ અને આંતરિક શસ્ત્ર ચેમ્બર વિમાનના તાપમાનના સિગ્નેચરને ઘટાડે છે, જેના કારણે થર્મલ ટેકનોલોજીનો ઉપયોગ કરીને તેને શોધવાનું મુશ્કેલ બને છે." "આ બધી સુવિધાઓ, જેમ કે સ્ટીલ્થ ટેકનોલોજી, અદ્યતન ગતિશીલતા અને લાંબા અંતરના શસ્ત્રો, પાંચમી પેઢીના ફાઈટર એરક્રાફ્ટને અત્યંત ખતરનાક બનાવે છે. તેમને શોધી કાઢવું અને નિશાન બનાવવું એ સૌથી અદ્યતન ટેકનોલોજી માટે પણ એક મોટો પડકાર બની જાય છે." ભારત અને પાકિસ્તાન વચ્ચેના તાજેતરના લશ્કરી સંઘર્ષથી ભવિષ્યના યુદ્ધમાં વાયુસેના અને ફાઈટર વિમાનોનું મહત્વ સ્પષ્ટપણે દેખાય છે. "તાજેતરની આ અથડામણમાં મુખ્યત્વે બંને દેશોની વાયુસેના સામેલ હતી. આ યુદ્ધ ચાર દિવસ સુધી ચાલ્યું. જેમાં વિમાન, ડ્રોન, મિસાઈલ અને હવાઈ સંરક્ષણ પ્રણાલીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. બંને દેશો પાસે હાલમાં ચોથી કે તેની પહેલાની પેઢીના વિમાનો છે. ભારતીય સેના પાસે ૩૧૧ એરપોર્ટ, ૫૬ બંદર અને ૬.૩ મિલિયન કિલોમીટર રોડ અને ૬૫,૦૦૦ કિલોમીટર રેલવે કવરેજ છે. ભારત દ્વારા મંજૂર કરાયેલ સ્ટીલ્થ ફાઈટર એરક્રાફ્ટ પ્રોજેક્ટનો પ્રોટોટાઈપ અથવા પ્રાયોગિક મોડેલ ૨૦૨૮ માં તૈયાર થઈ જશે. "સ્વનિર્ભરતા માટે સ્ટીલ્થ એરક્રાફ્ટ પ્રોજેક્ટ એક સારો વિચાર છે. પરંતુ વર્તમાન પરિસ્થિતિ શાંતિપૂર્ણ નથી. 'ઓપરેશન સિંદૂર' પછી, હાલમાં ફક્ત યુદ્ધવિરામ છે, શાંતિ સ્થાપિત થઈ નથી." "તો આ સંજોગોમાં, ભારતે ખૂબ જ ટૂંક સમયમાં વિદેશથી પાંચમી પેઢીના ફાઈટર એરક્રાફ્ટ ખરીદવા પડશે (કારણ કે ભારતીય યોજનાઓ અનુસાર, ભારતમાં બનેલા એરક્રાફ્ટ આગામી ૧૦ વર્ષમાં ઉપલબ્ધ થશે). સ્ટીલ્થ ફાઈટર એરક્રાફ્ટ પ્રોજેક્ટ લાંબા ગાળા માટે ઠીક છે, પરંતુ વર્તમાન પરિસ્થિતિમાં તેનું કોઈ મહત્વ નથી." "ભારતના પાંચમી પેઢીના ફાઈટર જેટ પ્રોજેક્ટમાં ઘણો સમય લાગશે અને આંતરરાષ્ટ્રીય વિમાન ઉત્પાદક કંપનીઓ તેમાં મુખ્ય ભૂમિકા ભજવશે." ભવિષ્યના યુદ્ધોમાં વાયુસેના નિર્ણાયક ભૂમિકા ભજવશે. ભારતીય સંરક્ષણ નિષ્ણાતોના મતે, જ્યારે ભારતમાં ઉત્પાદિત પાંચમી પેઢીના વિમાનોના ઉત્પાદનમાં ઘણા વર્ષો લાગી શકે છે, ત્યારે ચીન ઉપરાંત, અમેરિકા પાસે F-૩૫ અને રશિયા પાસે સુખોઈ SU-૫૭ પાંચમી પેઢીના વિમાન છે, જેને ભારત ખરીદી શકે છે. "ચીને ફાઈટર એરક્રાફ્ટના વિકાસમાં એક પગલું આગળ વધાર્યું છે અને હવે ચીને છઠ્ઠી પેઢીના ટ્વીન-એન્જિન ફાઈટર એરક્રાફ્ટનું નિર્માણ કરવાનો દાવો કર્યો છે, જેની પરીક્ષણ ઉડાન ગયા વર્ષે ડિસેમ્બરમાં હાથ ધરવામાં આવી હતી." પાંચમી પેઢીના સ્ટીલ્થ ફાઈટર એરક્રાફ્ટ પ્રોજેક્ટને મંજૂરી આપવા ઉપરાંત, ભારત સરકારે આ મહિને કટોકટી લડાઈ સાધનો ખરીદવા માટે $૪.૫ બિલિયનથી વધુના ભંડોળને પણ મંજૂરી આપી છે. આ મહિનાની શરૂઆતમાં, ભારત અને પાકિસ્તાન વચ્ચેના ચાર દિવસના સંઘર્ષ દરમિયાન, બંને પક્ષોએ ડ્રોનનો ઉપયોગ કર્યો હતો. "જો ભારત અને પાકિસ્તાન વચ્ચે હવે યુદ્ધ થાય તો ડ્રોન હવે આવી ભૂમિકા ભજવશે નહીં. વાસ્તવિક લડાઈ બંને દેશોના વાયુસેના વચ્ચે થશે. 'ઓપરેશન સિંદૂર'માં ડ્રોન્સે મુખ્ય ભૂમિકા ભજવી હતી. બંને દેશોની વાયુસેના વચ્ચે ફક્ત એક રાત માટે જ લડાઈ થઈ હતી, પરંતુ મોટી લડાઈની સ્થિતિમાં, લડાઈ વાયુસેના વચ્ચે જ થશે." ભારત અને પાકિસ્તાનની વર્તમાન પરિસ્થિતિને કારણે, બંને દેશો વચ્ચેનો હાલનો તણાવ ફક્ત ચાલુ રહેશે જ નહીં પરંતુ વધી પણ શકે છે.

**૧૫ માળની ગગનચુંબી ઈમારતની ઊંચાઈ જેટલા જમીનમાં ઊંડે આવેલા ઈરાનના અણુમથકોને અનેક પ્રયત્નો કરવા છતાં ઇઝરાયલ તોડી શક્યું નથી. જમીનમાં ૩૦૦ ફૂટ ઊંડે જઈને ફાટે તેવા બોમ્બ જરૂરી છે અને તે માટે જે ફાઈટર વિમાન વપરાય તે ભારતમાં પણ બનશે.**

## માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૦૦ | ૧૬૪૪ |
| ઘઉં લોકવન | ૪૯૪ | ૫૨૬ |
| ઘઉં ટુકડા | ૪૯૬ | ૫૩૭ |
| જુવાર સફેદ | ૭૩૦ | ૯૦૦ |
| જુવાર લાલ | ૭૩૦ | ૯૦૦ |
| જુવાર પીળી | ૩૫૦ | ૪૫૦ |
| બાજરી | ૩૧૦ | ૪૩૭ |
| તુવેર | ૧૦૫૦ | ૧૩૪૦ |
| ચણા પીળા | ૯૯૫ | ૧૧૦૦ |
| ચણા સફેદ | ૧૨૫૫ | ૧૯૨૦ |
| અડદ | ૧૧૦૦ | ૧૪૫૦ |
| મગ | ૧૩૩૦ | ૧૫૯૯ |
| વાલ દેશી | ૩૦૦ | ૯૫૧ |
| ચોળી | ૧૨૦૦ | ૧૮૦૦ |
| વટાણા | ૧૪૭૦ | ૧૯૭૧ |
| કળથી | ૬૭૫ | ૮૫૧ |
| રાજમા | ૧૧૦૦ | ૧૩૭૦ |
| સીંગદાણા | ૧૩૮૦ | ૧૫૫૦ |
| મગફળી જાડી | ૯૭૦ | ૧૨૩૫ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૫૦૦ |
| તલી | ૧૪૧૧ | ૨૧૨૧ |
| સુરજમુખી | ૭૮૬ | ૭૮૬ |
| એરંડા | ૧૧૨૦ | ૧૨૭૮ |
| સુવા | ૧૦૨૦ | ૧૫૩૦ |
| સોયાબીન | ૭૫૮ | ૮૫૮ |
| સીંગફાડા | ૧૦૮૦ | ૧૩૭૦ |
| કાળા તલ | ૨૬૫૦ | ૩૪૦૨ |
| લસણ | ૮૦૦ | ૧૪૩૦ |
| ધાણા | ૧૦૫૦ | ૧૨૮૪ |
| ધાણી | ૧૧૦૦ | ૧૪૦૦ |
| વરીયાળી | ૯૮૦ | ૧૨૭૦ |
| જીરૂ | ૩૩૦૦ | ૩૭૫૦ |
| રાય | ૧૧૨૦ | ૧૩૧૨ |
| મેથી | ૮૩૮ | ૧૨૨૭ |
| ઇસબગુલ | ૧૧૦૦ | ૨૧૮૦ |
| અશેરીયો | ૯૫૦ | ૯૫૦ |
| કલોંજી | ૩૦૦૦ | ૩૯૯૧ |
| રાયડો | ૧૦૨૦ | ૧૧૮૦ |
| રજકાનું બી | ૪૦૦૦ | ૫૧૬૦ |
| ગુવારનું બી | ૮૮૦ | ૯૫૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૩૦૦ | ૫૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૯૫૦ |
| બટેટા | ૧૭૦ | ૩૫૦ |
| ડુંગળી સુકી | ૯૦ | ૩૩૦ |
| ટમેટા | ૪૨૦ | ૬૨૦ |
| સુરણ | ૧૧૦૦ | ૧૪૦૦ |
| કોથમરી | ૭૦૦ | ૧૧૫૦ |
| રીંગણા | ૪૦૦ | ૭૦૦ |
| કોબીજ | ૨૧૦ | ૩૨૦ |
| ફ્લાવર | ૩૦૦ | ૬૦૦ |
| ભીંડો | ૫૦૦ | ૮૦૦ |
| ગુવાર | ૧૨૦૦ | ૧૮૦૦ |
| ચોળાસીંગ | ૬૦૦ | ૧૨૦૦ |
| ટીંડરા | ૨૦૦ | ૭૦૦ |
| દુધી | ૧૦૦ | ૨૬૦ |
| કારેલા | ૪૫૦ | ૬૫૦ |
| સરગવો | ૧૦૦ | ૬૦૦ |
| તુરીયા | ૬૦૦ | ૧૦૦૦ |
| પરવર | ૩૫૦ | ૬૫૦ |
| કાકડી | ૩૦૦ | ૫૦૦ |
| ગાજર | ૩૩૦ | ૫૨૦ |
| ગલકા | ૩૦૦ | ૬૦૦ |
| બીટ | ૨૦૦ | ૪૦૦ |
| મેથી | ૧૮૦૦ | ૨૫૦૦ |
| ડુંગળી લીલી | ૮૦૦ | ૧૦૦૦ |
| આદુ | ૬૦૦ | ૮૦૦ |
| મરચા લીલા | ૮૦૦ | ૧૦૦૦ |
| મકાઇ લીલી | ૨૬૦ | ૫૦૦ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૬૨૧ |
| ઘઉં લોકવન | ૪૭૦ | ૫૧૨ |
| ઘઉં ટુકડા | ૪૭૬ | ૫૪૨ |
| મગફળી જીણી | ૮૪૧ | ૧૧૨૧ |
| સિંગદાણા જાડા | ૧૨૫૧ | ૧૯૩૧ |
| સિંગ ફાડીયા | ૮૪૧ | ૧૩૬૧ |
| એરંડા / એરંડી | ૧૧૮૬ | ૧૩૨૬ |
| જીરૂ | ૨૭૦૧ | ૩૮૪૧ |
| ક્લંજી | ૧૧૦૧ | ૩૭૯૧ |
| ધાણા | ૮૦૦ | ૧૪૨૧ |
| લસણ સુકું | ૬૪૧ | ૧૨૪૧ |
| ડુંગળી લાલ | ૯૬ | ૨૭૬ |
| અડદ | ૯૫૧ | ૧૩૮૧ |
| તુવેર | ૫૦૦ | ૧૩૨૧ |
| રાય | ૧૧૦૧ | ૧૧૮૧ |
| મેથી | ૪૨૬ | ૮૭૬ |
| કાંગ | ૩૦૦ | ૫૬૧ |
| મગફળી જાડી | ૭૩૧ | ૧૨૮૧ |
| સફેદ ચણા | ૧૦૮૬ | ૧૯૧૧ |
| મગફળી નવી | ૮૨૫ | ૧૨૫૧ |
| ધાણી | ૯૦૦ | ૧૪૯૧ |
| ડુંગળી સફેદ | ૧૧૦ | ૩૧૦ |
| બાજરો | ૩૦૧ | ૪૫૧ |
| જુવાર | ૫૦૧ | ૮૦૧ |
| મકાઇ | ૪૦૧ | ૪૫૧ |
| મગ | ૧૨૦૦ | ૧૪૯૧ |
| ચણા | ૯૬૧ | ૧૧૧૬ |
| વાલ | ૫૦૧ | ૮૫૧ |
| ચોળા / ચોળી | ૯૭૧ | ૧૫૦૧ |
| સોયાબીન | ૭૩૬ | ૯૦૧ |
| ગોગળી | ૮૫૧ | ૧૦૩૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૨૦૦ | ૭૦૦ |
| મરચા | ૧૮૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૫૦૦ | ૨૦૦૦ |
| કોબી | ૮૦ | ૪૦૦ |
| દુધી | ૪૦ | ૨૦૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૭૦૦ |
| કાકડી | ૧૦૦ | ૬૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૭૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૧૦૨૦ |
| ગલકા | ૧૮૦ | ૫૦૦ |
| ગાજર | ૧૮૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૯૦૦ |
| શક્કરીયા | ૨૦૦ | ૪૦૦ |
| કેરી કાચી | ૧૮૦ | ૮૦૦ |
| બટેટા | ૨૦૦ | ૩૨૦ |
| લીલી હળદર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ડુંગળી પુરા | ૧૫ | ૨૦ |
| તાંજરીયા પુરા | ૫ | ૧૦ |
| કોથમીર પુરા | ૪ | ૨૦ |
| મૂળા પુરા | ૮ | ૨૦ |
| ફોદીનો પુરા | ૪ | ૫ |
| કાચા કેળા | ૪૦૦ | ૫૦૦ |
| પચકારુ | ૩૦૦ | ૪૦૦ |
| ક્રુદ્દિક્રુ | ૬૦૦ | ૯૦૦ |
| ઘીસોડા | ૫૦૦ | ૧૪૦૦ |
| લીંબુ | ૧૮૦ | ૮૦૦ |
| મેથી પુરા | ૬ | ૧૫ |
| બીટ પુરા | ૧૫ | ૨૦ |
| સરગવો પુરા | ૧૦ | ૩૦ |
| ચોરા | ૩૦૦ | ૧૬૦૦ |
| કારેલા | ૨૦૦ | ૯૦૦ |
| મગફળી લીલી | ૮૦૦ | ૧૦૦૦ |
| કાચા પોપૈયા | ૧૦૦ | ૨૪૦ |
| આદુ | ૫૦૦ | ૯૦૦ |
| મકાઇ ડોડા | ૧૮૦ | ૩૦૦ |
| પાલક પુરા | ૨ | ૯ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૯૪૧ | ૧૦૭૦ |
| ગીરનાર શીંગ | ૧૦૮૦ | ૧૧૧૬ |
| શિંગ મોટી | ૮૦૦ | ૧૧૩૪ |
| શિંગ દાણા | ૧૩૧૬ | ૧૮૭૫ |
| શિંગ ફાડા | ૧૧૦૧ | ૧૪૬૨ |
| તલ સફેદ | ૯૪૦ | ૨૧૪૬ |
| તલ કાળા | ૧૮૩૦ | ૩૩૪૫ |
| તલ કાશ્મીરી | ૧૭૦૦ | ૨૨૧૫ |
| બાજરો | ૪૩૧ | ૫૫૧ |
| જુવાર | ૫૦૦ | ૭૬૬ |
| ઘઉં ટુકડા | ૪૦૨ | ૫૬૧ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૩૪ |
| મકાઈ | ૪૫૬ | ૪૬૦ |
| મગ | ૧૧૧૧ | ૧૪૨૧ |
| અડદ | ૧૦૫૫ | ૧૩૫૧ |
| ચણા | ૯૦૦ | ૧૦૯૧ |
| ચણા સફેદ | ૯૨૨ | ૧૦૬૧ |
| ચોળી | ૮૫૦ | ૧૧૬૬ |
| તુવેર | ૧૦૦૦ | ૧૧૭૬ |
| કપાસ | ૯૨૦ | ૧૬૪૮ |
| એરંડા | ૧૦૨૫ | ૧૨૭૪ |
| જીરૂ | ૨૭૭૫ | ૩૭૩૦ |
| રાયડો | ૯૯૫ | ૧૦૧૦ |
| રાય | ૧૧૫૫ | ૧૨૧૫ |
| ધાણા | ૯૮૦ | ૧૨૯૦ |
| ધાણી | ૭૧૦ | ૧૩૭૦ |
| મેથી | ૫૯૦ | ૮૪૭ |
| સોયાબીન | ૬૩૦ | ૮૨૦ |
| વરીયાળી | ૮૩૦ | ૧૨૪૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૨૦૦ | ૩૨૦ |
| રીંગણા | ૩૦૦ | ૫૦૦ |
| ફુલાવર | ૪૦૦ | ૫૦૦ |
| કોબીજ | ૨૦૦ | ૩૦૦ |
| શકકરીયા | ૫૦૦ | ૭૦૦ |
| ટામેટા | ૫૦૦ | ૬૫૦ |
| સુરણ | ૧૧૦૦ | ૧૨૦૦ |
| ગાજર | ૪૦૦ | ૫૦૦ |
| દૂધી | ૬૦ | ૧૧૦ |
| કારેલા | ૬૦૦ | ૭૦૦ |
| ગલકા | ૩૦૦ | ૪૦૦ |
| કાકડી | ૨૦૦ | ૪૦૦ |
| ગુવાર | ૧૬૦૦ | ૧૮૦૦ |
| ચોળા લીલા | ૬૦૦ | ૮૦૦ |
| તુરીયા | ૬૦૦ | ૧૦૦૦ |
| ભીંડો | ૩૦૦ | ૫૦૦ |
| આદુ | ૬૦૦ | ૭૫૦ |
| કોથમીર | ૭૦૦ | ૯૦૦ |
| મેથીભાજી | ૧૮૦૦ | ૨૦૦૦ |
| ફુદીનો | ૬૦૦ | ૭૦૦ |
| ટીંડોરા | ૪૦૦ | ૬૦૦ |
| બીટ | ૪૦૦ | ૫૦૦ |
| સરગવો | ૬૦૦ | ૮૦૦ |
| લીમડો મીઠો | ૧૫૦ | ૨૦૦ |
| મરચા લીલા | ૫૦૦ | ૮૦૦ |
| ડુંગળી સૂકી | ૨૦૦ | ૨૭૦ |
| લસણ સુકુ | ૧૦૦૦ | ૨૦૦૦ |
| મકાઈ | ૨૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૪૦૦ | ૬૦૦ |
| પાલક | ૬૦૦ | ૮૦૦ |
| **ધારી** | | |
| મગફળી | ૮૦૦ | ૧૦૩૧ |
| ઘઉં લોકવન | ૪૭૫ | ૫૦૬ |
| ચણા | ૧૦૬૫ | ૧૧૦૧ |
| તલ કાળા | ૨૪૯૦ | ૨૪૯૦ |
| તલ સફેદ | ૧૧૮૦ | ૧૫૮૦ |
| મગ | ૧૧૦૦ | ૧૩૭૦ |
| શીંગ દાણા | ૧૬૨૫ | ૧૬૨૫ |
| શીંગ ફાડા | ૧૨૦૦ | ૧૨૨૫ |
| તુવેર | ૧૦૩૦ | ૧૦૩૦ |
| એરંડા | ૧૧૩૦ | ૧૧૩૦ |
| બાજરો | ૩૯૦ | ૩૯૦ |
| ધાણા | ૧૦૧૦ | ૧૨૦૦ |
| મેથી | ૭૦૦ | ૭૦૦ |
| રાઈ | ૯૦૦ | ૯૦૦ |
| સોયાબીન | ૬૦૦ | ૮૧૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૧૦૦ | ૧૪૨૦ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૫૦૩ |
| ઘઉં ટુકડા | ૩૫૦ | ૪૮૧ |
| મકાઈ | ૪૮૦ | ૪૮૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૬૫ |
| ધાણા | ૯૮૦ | ૧૦૭૦ |
| શીંગ ફાડા | ૯૦૦ | ૧૪૫૦ |
| મગફળી | ૮૫૦ | ૯૬૫ |
| તલ સફેદ | ૧૧૦૦ | ૧૮૦૦ |
| સોયાબીન | ૭૭૦ | ૭૯૬ |
| અડદ | ૯૮૦ | ૧૮૦૦ |
| મગ | ૧૨૨૦ | ૧૩૮૦ |
| તલ કાળા | ૩૦૦૦ | ૩૦૦૦ |
| તુવેર | ૯૦૦ | ૧૧૬૫ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૫૦ | ૧૬૧૫ |
| કપાસ મીડીયમ | ૧૩૫૦ | ૧૪૭૦ |
| મગફળી | ૯૭૦ | ૧૦૮૦ |
| જીરૂ | ૨૯૯૦ | ૩૬૦૦ |
| ઘઉં | ૪૯૨ | ૫૦૫ |
| તલ સફેદ | ૧૬૨૫ | ૧૮૨૦ |
| તલ કાળા | ૨૧૭૫ | ૩૧૫૦ |
| ચણા | ૧૦૫૦ | ૧૦૮૦ |
| મગ | ૧૧૯૦ | ૧૩૧૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૮૨૫ | ૧૦૧૧ |
| તલ સફેદ | ૧૩૫૦ | ૨૧૦૦ |
| તલ કાળા | ૧૬૦૦ | ૨૫૫૧ |
| તલ પીળા | ૧૬૦૧ | ૧૬૦૧ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૫૧ |
| બાજરો | ૩૩૧ | ૫૩૬ |
| ઘઉં ટુકડા | ૪૫૧ | ૬૦૧ |
| જુવાર | ૩૫૧ | ૯૩૧ |
| મકાઈ | ૫૦૦ | ૬૯૦ |
| મગ | ૧૩૨૫ | ૧૩૭૨ |
| અડદ | ૧૩૪૦ | ૧૪૮૦ |
| ચણા | ૭૦૧ | ૧૦૬૯ |
| મેથી | ૬૬૬ | ૮૦૧ |
| સોયાબીન | ૭૮૭ | ૭૯૭ |
| શીંગદાણા | ૧૩૫૦ | ૧૫૦૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૯૫૧ | ૧૧૪૪ |
| મગફળી ૩૨ નં. | ૯૪૨ | ૧૧૩૮ |
| મગફળી નવી | ૯૨૫ | ૧૦૩૨ |
| બાજરી હાઈબ્રીડ | ૪૦૦ | ૪૯૧ |
| ઘઉં | ૫૦૦ | ૫૨૯ |
| જુવાર | ૫૦૦ | ૮૩૨ |
| ચોળી | ૭૦૦ | ૧૪૧૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૯૪ |
| સફેદ તલ | ૧૨૫૦ | ૧૭૨૨ |
| કાળા તલ | ૨૨૫૦ | ૩૨૭૪ |
| સોયબીન | ૭૮૦ | ૮૩૫ |
| સીંગદાણા | ૧૪૦૦ | ૧૯૦૦ |
| **મહુવા** | | |
| શીંગમગડી ઉનાળુ | ૧૧૦૦ | ૧૪૧૦ |
| શીંગ ૩૯ | ૯૭૧ | ૧૨૮૨ |
| શીંગ ૩૨ | ૯૪૫ | ૧૦૭૨ |
| શીંગ જી-૨૦ | ૯૫૦ | ૧૦૬૪ |
| એરંડા | ૨૫૦ | ૧૨૮૨ |
| જુવાર | ૩૦૦ | ૭૨૨ |
| બાજરી | ૨૨૨ | ૬૧૨ |
| ઘઉં ટુકડા | ૪૪૦ | ૬૧૧ |
| મકાઈ | ૪૦૧ | ૪૦૪ |
| અડદ | ૮૮૦ | ૧૩૩૦ |
| મગ | ૬૦૦ | ૧૪૧૦ |
| ચોળી | ૪૦૦ | ૧૧૬૧ |
| ધાણા | ૧૨૨૫ | ૧૨૨૫ |
| ચણા | ૧૦૨૧ | ૧૦૪૯ |
| તલ સફેદ | ૧૪૫૦ | ૨૦૭૬ |
| તલ કાળા | ૨૦૯૯ | ૩૧૧૭ |
| તુવેર | ૭૦૦ | ૧૧૯૧ |
| જીરૂ | ૨૫૫૦ | ૩૪૪૦ |
| ડુંગળી લાલ | ૭૫ | ૨૭૪ |
| ડુંગળી સફેદ | ૪૦ | ૨૬૮ |
| નાળીયેર | ૮૫૦ | ૨૫૫૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૦૫૦ | ૧૧૮૦ |
| શીંગ મોટી | ૧૦૩૦ | ૧૧૭૦ |
| શીંગ ઉનાળુ | ૧૦૦૦ | ૧૧૫૧ |
| શીંગ દાણા | ૧૩૦૦ | ૧૪૫૧ |
| તલ સફેદ | ૧૬૧૦ | ૨૦૩૬ |
| તલ કાળા | ૨૩૫૦ | ૩૧૦૦ |
| જીરૂ | ૩૨૦૦ | ૩૬૬૦ |
| કપાસ | ૧૩૭૫ | ૧૫૯૦ |
| ઘઉં લોકવન | ૪૮૦ | ૫૧૦ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૫૦ |
| બાજરો | ૩૮૦ | ૫૧૦ |
| મગ | ૧૧૦૦ | ૧૪૦૭ |
| અડદ | ૧૦૦૦ | ૧૧૩૫ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૧૦ |
| દેશી ચણા | ૧૧૨૩ | --- |
| તુવેર | ૯૦૦ | ૧૧૬૫ |
| એરડી | ૧૦૦૦ | ૧૨૪૦ |
| ધાણા | ૮૬૦ | ૧૦૮૦ |
| સોયાબીન | ૭૧૧ | ૮૧૦ |

## શબ્દ સંજોગ-૨૦૨૧



**આડી ચાવી :**
(૧) જીભથી માલૂમ પડતો સ્વાદ (૨)
(૨) બારણાનું ચોકઠું (૪)
(૬) બ્રહ્માનો એક માનસપુત્ર (૩)
(૭) આધાર, ભરોસો (૩)
(૮) ગાલની ઉપરનો કાન આગળનો માથાનો ભાગ (૩)
(૧૦) નમવું તે (૩)
(૧૩) કસોટી ઉપરથી નક્કી કરેલો સોનારૂપાના ભાવનો આંક (૨)
(૧૪) વેર, પાડાખાર (૩)
(૧૭) અહીંની તુવેરદાળ પ્રખ્યાત છે (૩)
(૧૮) બે ભાગ ઘટ્ટ જોડવા વચ્ચે મુકાતી ચકતી (૪)
(૨૧) પાણી, જળ (૨)
(૨૩) થોડું, અંશ (૨)
(૨૫) જગા કે પ્રદેશનો માપસરનો આલેખ (૩)
(૨૭) કાશ્મીરનું એક સરોવર (૨)
(૨૮) બાંધેલો લોટ (૩)
(૨૯) મજબૂત અને ટકાઉ નહિ એવું, નાજુક (૪)

**ઉભી ચાવી :**
(૧) પાસા ફેંકી ભવિષ્ય જોવાની વિદ્યા (૩)
(૨) બંદુક વગેરેનો અવાજ (૨)
(૩) દાંત (૩)
(૪) છીણીને કરેલો છૂંદો (૩)
(૫) સરદાર પટેલની જન્મભૂમિ (૫)
(૬) ચલણી સિકકો, ધન (૨)
(૯) વાંદરો (૩)
(૧૧) નાશવંત, મરવાના નસીબવાળું (૨)
(૧૩) ઘટ, અપૂર્ણતા (૩)
(૧૪) હનુમાનની માતા (૩)
(૧૫) એક અને પા (૨)
(૧૬) કૃષ્ણનો મામો (૨)
(૧૯) ઉત્તર અને પૂર્વ વચ્ચેની દિશા કે ખૂણો (૩)
(૨૦) કલશોર શબ્દ થયો આ-અ (૪)
(૨૨) કાંત, પતિ (૩)
(૨૪) પર્વત (૨)
(૨૬) કલમનો કાપ (અ) (૨)
(૨૭) મા કે બાપની મા, વડિયાઈ (૨)

## શબ્દ સંજોગ-૨૦૨૦ જવાબ

**આડી ચાવી:** (૧) લોકેટ (૪) બેરોમિટર (૯) લલકાર (૧૧) જલપાન (૧૨) ઉમદા (૧૪) નલ (૧૫) આશા (૧૬) સહસા (૧૮) બમ (૧૯) બરબાદ (૨૨) રેતાળ (૨૪) સક (કસ) (૨૫) રગ (૨૬) લવ (૨૭) ઓસડ (૨૮) મેળા (૨૯) સાવજ (૩૧) પલટન (૩૨) ગુસપુસ.
**ઉભી ચાવી :** (૧) લોલ (૨) કેલ (૩) ટકાઉ (૫) રોજ (૬) મિલનસાર (૭) ટપાલ (૮) રન (૧૦) રમ (૧૩) દાસ (૧૫) આશરે (૧૭) હબક (૧૮) સળવળાટ (૨૦) બારસ (૨૧) દગડ (૨૩) તાલમેલ (૨૪) સહસા (૨૭) ઓજસ (૨૯) નતા (તાન) (૩૦) વગુ.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# ૧૧મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની રાજ્યકક્ષાની ઉજવણી વડનગર ખાતે કરાશે

ગાંધીનગર,તા.૧૯




૧૧મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની રાજ્ય કક્ષાની ઉજવણી ૨૧મી જૂન શનિવારના રોજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની જન્મભૂમિ વડનગરમાં કરવામાં આવશે. "યોગ ફોર વન અર્થ-વન હેલ્થ"ની થીમ સાથે ઉજવાનારા આ ૧૧મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ સાથે સમગ્ર ગુજરાતમાં આ ઉજવણીમાં "સ્વસ્થ ગુજરાત-મેદસ્વીતા મુક્ત ગુજરાત"નો ધ્યેય પણ રાખવામાં આવ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશા દર્શનમાં આ ૧૧મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસના સમગ્ર રાજ્યવ્યાપી આયોજનને આખરી ઓપ આપવામાં આવ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ વડનગરના તાના-રીરી ગાર્ડનમાં ૨૧મી જૂને સવારે ૬:૦૦ કલાકથી યોજાનારા રાજ્ય કક્ષાના મુખ્ય કાર્યક્રમમાં જોડાશે. આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલ તેમજ રમત-ગમત રાજ્ય મંત્રી હર્ષ સંઘવી અને અન્ય અગ્રણીઓ પણ આ રાજ્ય કક્ષાના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. ભારતની પ્રાચીન સ્વાસ્થ્ય અને શારીરિક સુખાકારી પરંપરા એવા યોગને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સફળ પ્રયાસોથી વૈશ્વિક સ્વીકૃતિ મળી છે અને યુનાઈટેડ નેશન્સમાં ૧૭૭ દેશોના સમર્થનથી વિશ્વભરમાં યોગ દિવસની ઉજવણી ૨૧મી જૂને કરવાનું સ્વીકારવામાં આવ્યું છે. તદઅનુસાર, સમગ્ર વિશ્વમાં ૨૦૧૫થી ૨૧મી જૂને સામૂહિક યોગના કાર્યક્રમોથી આ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઉજવાય છે તે શ્રૃંખલામાં આ વર્ષે ૧૧મો યોગ દિવસ ઉજવાશે.

# અમરેલીમાં જિલ્લા કક્ષાનો યોગ કાર્યક્રમ હવે પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે યોજાશે

**૨૧ જૂન, ૨૦૨૫ શનિવારના રોજ અમરેલી-ચિત્તલ રોડ પર જિ.પોલીસ હે.નાં પોલિસ પરેડ ગ્રાઉન્ડ ખાતે યોજાશે**

અમરેલી, તા.૧૯



આંતરરાષ્ટ્રીય યોગ દિવસ-૨૦૨૫ની જિલ્લા કક્ષાની ઉજવણીના સ્થળમાં ફેરફાર કરવામાં આવ્યો છે. હવે, ૨૧ જૂન, ૨૦૨૫, શનિવારના રોજ જિલ્લા કક્ષાનો કાર્યક્રમ અમરેલી-ચિત્તલ રોડ પર આવેલા જિલ્લા પોલીસ હેડક્વાર્ટરના પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે યોજાશે. યોગ અભ્યાસમાં જોડાનારા તમામ અધિકારીઓ, વિદ્યાર્થીઓ, સ્વૈચ્છિક સંસ્થાના સ્વયંસેવકો અને યોગ અભ્યાસુઓએ રાબેતા મુજબ નવા સ્થળે ઉપસ્થિત રહેવા વિનંતી છે. આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ૨૦૨૫ની થીમ 'એક પૃથ્વી-એક સ્વાસ્થ્ય માટે યોગ' છે. જિલ્લામાં તાલુકા અને નગરપાલિકા કક્ષાએ પણ સમાંતર કાર્યક્રમો યોજાશે, જેમાં ગુજરાત રાજ્ય યોગબોર્ડના માસ્ટર યોગ ટ્રેનરો યોગાભ્યાસ કરાવશે. કાર્યક્રમની શરૂઆત વડનગરથી યોજાનારા રાજ્ય કક્ષાના કાર્યક્રમના જીવંત પ્રસારણથી થશે.

# ધારીથી આંબાગાળાની એસ.ટી બસ સમયસર ઉપાડવા માગ

ધારી,તા.૧૯



ધારીથી આંબાગાળાની વાયા કુબડા, ગોવિંદપુર, સુખપુરની એસ.ટી. બસનો ઉપડવાનો સમય ૧૨.૩૦ વાગ્યાનો છે. તેના બદલે તેને મનફાવે તેમ ૧થી ૧.૧૫ વાગ્યાના અરસામાં ઉપાડવામાં આવે છે. આ બસમાં રસ્તામાં ક્યારેક ફોલ્ટ પણ આવે છે. આ બસમાં દલખાણીયાના ૫૦ જેટલા વિદ્યાર્થીઓ દરરોજ અપડાઉન કરે છે. આ તમામ ગામના લોકોની માગણી છે કે, આ રૂટ પર સારી બસની ફાળવણી કરવામાં આવે અને તેનું સમયસર સંચાલન કરવામાં આવે.

# ડોળાસામાં ૧૫ પરિવારોને નર્કાગાર : ચોમાસામાં ગંદા પાણીમાંથી પસાર થવા બન્યા મજબૂર

કોડીનાર, તા.૧૯

કોડીનાર તાલુકાના ડોળાસા ગામના ચીખલી રોડ નજીક વાડી વિસ્તારમાં આવેલી એક સોસાયટીના આશરે પંદર પરિવારો આજે પણ જાણે અઢારમી સદીમાં જીવી રહ્યા હોય તેવી દયનીય સ્થિતિનો સામનો કરી રહ્યા છે. આધુનિક યુગમાં જ્યાં રસ્તા, પાણી અને વીજળી જેવી મૂળભૂત સુવિધાઓ જીવનનો અભિન્ન અંગ બની ગઈ છે, ત્યાં આ પરિવારોને છેલ્લા પાંચ વર્ષથી રસ્તાની ગંભીર સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો છે. ખાસ કરીને ચોમાસામાં તેમની હાલત બદથી બદતર થઈ જાય છે.


તસવીર : અનીલ કાનાબાર

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, તેમને સિમેન્ટ રોડની સુવિધા તો મળી છે, પરંતુ આ રોડના પ્રારંભે જ ચોમાસાનું પાણી એક થી બે ફૂટ સુધી ભરાઈ રહે છે, જેનો કોઈ નિકાલ થતો નથી. પરિણામે, આ પાણી આખું ચોમાસું બંધિયાર અને ગંદુ રહે છે. આ પંદર પરિવારોને આખું ચોમાસું આ ગંદા પાણીમાંથી જ પસાર થવું પડે છે. જેના કારણે રોગચાળો ફેલાવવાની સતત ભીતિ રહે છે અને તેમનું દૈનિક જીવન અત્યંત દોહ્યલું બની જાય છે.

# શ્રી સોમનાથ એકેડેમી ખાતે યોગાભ્યાસ અને વિદ્યાર્થીઓમાં સ્વાસ્થ્ય જાગૃતિ કાર્યક્રમ યોજાયો


તસવીર : કૈલાશ ભટ્ટ

ઉના, તા.૧૯

આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ૨૦૨૫ની થીમ 'એક પૃથ્વી-એક સ્વાસ્થ્ય માટે યોગ' છે. 'વિશ્વ યોગ દિવસ' પૂર્વે, કોડીનાર ખાતે શ્રી સોમનાથ એકેડેમીમાં વિદ્યાર્થીઓ માટે યોગાભ્યાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર વિવિધ યોગાસનો કર્યા હતા. તજજ્ઞો દ્વારા યોગના માધ્યમથી શારીરિક તંદુરસ્તી જાળવવા, અભ્યાસમાં એકાગ્રતા વધારવા, માનસિક શાંતિ પ્રાપ્ત કરવા અને નકારાત્મક વિચારો દૂર કરવા જેવી બાબતો પર માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

# તોરણીયા-ભીયાડ રોડ પરના ૧૬ વર્ષ જૂના દબાણો હટાવાયા, ખેડૂતોને થશે ફાયદો

**માર્ગ સાંકડો થતા રમેશભાઈ આસોદરીયાએ તંત્ર સમક્ષ રજૂઆત કરી હતી : ૫૦થી વધુ ખેડૂતોને રાહત**

ધોરાજી,તા.૧૯


તસવીર : નયન કુહાડીયા

ધોરાજી તાલુકાના તોરણીયા અને ભીયાડ ગામને જોડતા સરકારી રાજમાર્ગ પર છેલ્લા ૧૬ વર્ષથી થયેલા દબાણોને મામલતદાર અને તેમના સ્ટાફ દ્વારા દૂર કરવામાં આવ્યા હતા. આ દબાણો માર્ગની બંને તરફના ખેડૂત ખાતેદારો દ્વારા કરવામાં આવ્યા હતા, જેના કારણે રસ્તો સાંકડો બની ગયો હતો અને લોકોને અવરજવરમાં મુશ્કેલી પડતી હતી.

આ સમસ્યા અંગે રમેશભાઈ મનજીભાઈ આસોદરીયા દ્વારા તાલુકા સ્વાગત કાર્યક્રમમાં રજૂઆત કરવામાં આવી હતી. તેમની રજૂઆતને પગલે તંત્ર દ્વારા તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ દબાણો હટાવવાથી તોરણીયા ગામના ૫૦થી વધુ ખેડૂતોને ચોમાસા દરમિયાન નોંધપાત્ર ફાયદો થશે, કારણ કે હવે માર્ગ ખુલ્લો અને પહોળો બન્યો છે.

# ધોરાજીમાં બાદલાશા કોલોની વિસ્તારના રહીશોએ પ્રાથમિક સુવિધા મુદ્દે આવેદનપત્ર આપ્યું

ધોરાજી,તા.૧૯


તસવીર : નયન કુહાડીયા

ધોરાજીમાં બાદલાશા કોલોની વિસ્તારના રહીશોએ પ્રાથમિક સુવિધાઓના અભાવ મુદ્દે પ્રાંત કચેરીમાં આવેદનપત્ર આપ્યું હતું. આ રહીશોએ મોટી સંખ્યામાં કચેરી ખાતે જઈને આવેદનપત્ર પાઠવીને જણાવેલ કે, આ વિસ્તારમાં ઘણા વર્ષોથી રસ્તાની તકલીફ છે, ચોમાસા દરમિયાન કીચડ થવાથી રાહદારીઓ અને વાહનચાલકોને મુશ્કેલી પડી રહી છે. આ ઉપરાંત ગટરના પાણી રોડ પર વહેતા હોવાથી લોકોના આરોગ્ય સામે ખતરો ઊભો થયો છે. સાથોસાથ એવી માગણી પણ કરી હતી કે, આ વિસ્તારમાં અનેક જગ્યા પર ભૂગર્ભ ગટર ન હોવાથી પાણીના નિકાલના પ્રશ્નો, સફાઈ તેમજ ડોર ટુ ડોર કચરો નિયમિત લેવામાં આવે અને યોગ્ય સફાઈ કરવામાં આવે. નાગરિકો નગરપાલિકા હદ વિસ્તારના રહેવાસી છે અને ટેક્સ ભરતા હોવા છતાં પ્રાથમિક અને આવશ્યક સેવાઓથી ઘણા વર્ષોથી વંચિત છે. આથી તાત્કાલિક આ વિસ્તારમાં વિવિધ સુવિધા પૂરી પાડવામાં આવે તેવી માગણી કરી હતી.

# આમોદ્રા ગામે લેફ્ટનન્ટ પ્રવીણસિંહ સોલંકી વતન આવતા ભવ્ય સન્માન કરાયું

ઉના, તા.૧૯

ઉનાના આમોદ્રા ગામે કારડીયા રાજપૂત સમાજના સોલંકી પરિવારના ગૌરવ સમા પ્રવીણસિંહ દાનાભાઈ સોલંકી લેફ્ટનન્ટ ઓફિસર તરીકે નિમણૂક પામતા તેમનું ભવ્ય સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું. બેન્ડવાજા સાથે વિશાળ સંખ્યામાં પરિવારજનો અને ગ્રામજનોએ સ્કૂટર રેલી યોજી 'વંદે માતરમ' અને 'ભારતમાતા કી જય' ના જયઘોષ કર્યા હતા. કાર્યક્રમમાં ઉનાના પૂર્વ ધારાસભ્ય પૂજાભાઈ વંશ, સરપંચ પ્રિયંકાબેન મોરી, જિલ્લા માજી સૈનિક સંગઠન પ્રમુખ કેપ્ટન અશોકભાઈ રાઠોડ સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.


તસવીર : કૈલાશ ભટ્ટ

# કસ્ટમ ક્લીયરન્સ માટે લાંચ લેતા કંડલા કસ્ટમ વિભાગના હેડ હવાલદારની ધરપકડ

(એચ.એસ.એલ),ભુજ,તા.૧૯

કસ્ટમ ક્લીયરન્સ બાદ ટ્રકો ગેટની બહાર કાઢવા માટે રૂ.૯૮૫૦ ની લાંચ લેતા કંડલા કસ્ટમ વિભાગના હેડ હવાલદારની એસીબીએ ધરપકડ કરી છે. આ કેસની વિગત મુજબ ફરિયાદીની કંપની દ્વારા કંડલા પોર્ટમાં આવતા જતા માલ-સામાનને કસ્ટમ ક્લીયરન્સ કરાવી પોર્ટ ઉપરથી માલ ટ્રકો મારફતે પોર્ટની અંદર બહાર મોકલવાની કામગીરી થતી હતી. જેમાં ફરિયાદી ઓપરેશન ઈન્ચાર્જ તરીકે આ કામગીરી સંભાળતા હતા. કંડલા પોર્ટના ગેટ ઉપરના કસ્ટમના કર્મચારી જિગ્નેશ કેશવજી બળીયા, હેડ હવાલદાર કસ્ટમ વર્ગ-૩એ ફરિયાદીની કંપનીના એક ટ્રક ગેટ પરથી બહાર કાઢવાના રૂપિયા ૫૦/- લેખે છેલ્લા બે મહિનામાં કુલ-૧૯૭ ટ્રકોની ટ્રીપ પેટે રૂ.૯૮૫૦ની લાંચની માંગણી કરી હતી.

# અમદાવાદ પ્લેન ક્રેશના મળી આવેલા બ્લેક બોક્સને અમેરિકા મોકલવાની તૈયારી

અમદાવાદ,તા.૧૯



ગયા ગુરુવારે અમદાવાદમાં થયેલા વિમાન દુર્ઘટનાનું બ્લેક બોક્સ મળી આવ્યું હતું. આવી સ્થિતિમાં, એવી અપેક્ષા રાખવામાં આવી રહી હતી કે અકસ્માતનું ચોક્કસ કારણ ટૂંક સમયમાં જાણી શકાશે. પરંતુ હવે એવું દેખાતું નથી. પ્રાપ્ત માહિતી અનુસાર, વિમાન દુર્ઘટના એટલી ભયંકર હતી કે વિમાનના બ્લેક બોક્સને પણ નુકસાન થયું છે. આવી સ્થિતિમાં, તેમાંથી ડેટા કાઢવા મુશ્કેલ બની રહ્યા છે. હવે આ બ્લેક બોક્સને અમેરિકા મોકલવાની તૈયારી કરવામાં આવી રહી છે. અમદાવાદ વિમાન દુર્ઘટનામાંથી મળેલા બ્લેક બોક્સને હવે ડેટા રિકવર કરવા માટે અમેરિકા મોકલવામાં આવશે. ભારત સરકાર ટૂંક સમયમાં આ બાબતે નિર્ણય લેશે.

# ગુજરાત પોલીસના બે ઉચ્ચ અધિકારીઓને ફરજિયાત નિવૃત્તિ આપી દીધી હોવાની ચર્ચા

(એચ.એસ.એલ),ગાંધીનગર,તા.૧૯




ગુજરાત રાજયમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અનેક ભ્રષ્ટ અધિકારીઓને વહેલા વયનિવૃત્ત કરીને સરકારી વિભાગોમાં ગંગાજળ છાંટી શુધ્ધ કરવાનું કાર્ય ચાલુ કર્યું છે. ત્યારે પોલીસ વિભાગમાં ઓપરેશન ગંગાજળ છંટાયું છે.

ઓપરેશન ગંગાજળ અંતર્ગત ગુજરાતના બે પોલીસ અધિકારી કર્મચારીઓને ફરજિયાત નિવૃત્ત કરાયા છે. વધુ બે પોલીસ અધિકારીઓને ફરજિયાત નિવૃત્ત કરાતા ચર્ચાઓ શરૂ થઈ છે. સીઆઈડી ક્રાઈમમાં ફરજ બજાવતા પીઆઈ એમ.વી. બતુલને ફરજિયાત નિવૃત્તિ અપાઈ છે, તો બીજી તરફ, અમદાવાદ શહેરમાં ફરજ બજાવતા વી.જે. ફર્નાન્ડિસને પણ ફરજિયાત નિવૃત્ત કરાયા છે.

ગૃહ વિભાગે પોલીસ ઈન્સ્પેક્ટર વર્ગ ૨ સંવર્ગના બે અધિકારીઓ એમ.વી. બતુલ અને વી.જે. ફર્નાન્ડિસને જાહેર હિતમાં સરકારી સેવામાંથી અપરિપક્વ નિવૃત્ત કરવાનો નિર્ણય કર્યો છે. બતુલ ગાંધીનગર સીઆઈડી ક્રાઈમ એન્ડ રેલવેઝમાં તેમજ ફર્નાન્ડિસ અમદાવાદ શહેરમાં ફરજ બજાવે છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સરકારમાં અધિકારીઓ અને કર્મચારીઓ સામે ઓપરેશન ગંગાજળ ખૂબ જ લોકપ્રિય બન્યું છે. ઓપરેશન ગંગાજળ અંતર્ગત ભ્રષ્ટાચારના છાંટા ઉડે અથવા તેવી કામગીરી કરતા અધિકારીઓને ફરજિયાત નિવૃત્તિ કે બહારનો રસ્તો બતાવાય છે. જેમાં ભ્રષ્ટાચાર સામે સરકારનું અભિયાન પ્રજામાં પણ લોકપ્રિય થયું છે.

# પ્લેન ક્રેશ બાદ તંત્ર જાગ્યું : અમદાવાદ એરપોર્ટની આસપાસ નડતરરૂપ વસ્તુઓ દૂર કરાશે

અમદાવાદ, તા.૧૯



અમદાવાદ પ્લેન ક્રેશ દુર્ઘટના બાદ કેન્દ્ર સરકાર દ્વારા નવા નિયમો નોટિફાઈ કરવામાં આવ્યા છે. જે મુજબ દરેક એરપોર્ટની આસપાસ એક સર્વે કરવામાં આવશે. ત્યારબાદ સિવિલ એવિએશનના પ્રોટોકોલ મુજબ જે નડતરરૂપ હશે તેને દૂર કરવાનો નિર્ણય કરાયો છે. આ માટે કેન્દ્ર સરકાર દ્વારા ૬૦ દિવસનો સમય આપવામાં આવ્યો છે. સામાન્ય રીતે નડતરરૂપ વસ્તુઓ રનવેથી કેટલી દૂર કે નજીક છે તેના આધારે કેલ્ક્યુલેશન કરીને નક્કી કરવામાં આવશે. અમદાવાદ જિલ્લા કલેકટરે આ મુદ્દે જણાવ્યું હતું કે, અમદાવાદમાં સિવિલ એવિએશનના પ્રોટોકોલ મુજબ મહાનગરપાલિકા, ટ્રાફિક પોલીસ, એસ્ટેટ વિભાગ અને ગાર્ડન વિભાગ દ્વારા આગામી સમયમાં સર્વે બાદ નડતરરૂપ વસ્તુઓ દૂર કરવામાં આવશે. જ્યારે પ્રાથમિક સર્વે સિવિલ એવિએશન અને મહાનગરપાલિકાની ટીમ દ્વારા કરવામાં આવશે. મહાનગરપાલિકા, ટ્રાફિક, મહાનગરપાલિકાના એસ્ટેટ અને ગાર્ડન વિભાગ સાથે સંકલન કરી સિવિલ એવિએશનના પ્રોટોકોલ મુજબ જે દૂર કરવાનું હોય છે તે દૂર કરાશે. પ્રાથમિક રીતે સિવિલ એવિએશન અને મનપાની ટીમ બનાવી સર્વે કરી જે અડચણરૂપ હશે તેને દૂર કરાશે.

# નાના માચીયાળાના યુવાનનો સાવરકુંડલાની પરણિત પ્રેમિકા સાથે રાજકોટમાં આપઘાત



રાજકોટ, તા.૧૯

પડધરીના ન્યારાના પાટીયા નજીક એક વાડીમાં સવારે અજાણ્યા સ્ત્રી-પુરૂષ બેભાન હોઇ અને તેણે ઝેર પીધું હોય તેવું જણાતું હોઇ ત્યાંથી નીકળેલા રાહદારીએ પડધરી પોલીસ અને ૧૦૮ને જાણ કરી હતી. પડધરી પોલીસે તપાસ શરૂ કરતાં આપઘાત કરનાર યુવાન પાસેથી મળેલા મોબાઇલ, આધારકાર્ડ સહિતને આધારે તેની ઓળખ થતાં તેના પરિવારજનોને જાણ કરવામાં આવી હતી. આ યુવાનનું નામ વિનોદભાઇ બાબુભાઇ જાવીયા (ઉ.વ.૩૭) હોવાનું અને તે અમરેલીના માચીયાળાનો વતની હોવાનું ખુલ્યું હતું. વિનોદભાઇની સાથે આપઘાત કરનાર મહિલા મુળ મધ્યપ્રદેશની હતી. તેણી થોડા વર્ષો પહેલા વિનોદભાઇની વાડીમાં જ પરિવાર સાથે રહી ખેત મજૂરી કરતી હતી. તેણીને ત્રણ સંતાન છે. પ્રાથમિક તપાસમાં ખુલ્યા મુજબ વિનોદભાઇ અને પરિણીતા વચ્ચે પ્રેમ થઇ ગયો હતો. જો કે હાલમાં પરિણીતા તેના પરિવાર સાથે સાવરકુંડલા પંથકની વાડીમાં રહેતી હતી. ગત રાતે આ બંને ભાગી નીકળ્યા હતાં. આથી બંનેના પરિવારજનોએ શોધખોળ હાથ ધરી હતી. દરમિયાન બંનેએ રાજકોટના પડધરી પાસે સજોડે આપઘાત કરી લેતાં બંનેના પરિવારજનોમાં કલ્પાંત સર્જાયો હતો. પડધરી પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.

# ક્રોએશિયામાં પીએમ મોદીનું નિવેદન : સમસ્યાઓનું નિરાકરણ યુદ્ધના મેદાનમાંથી આવી શકતું નથી

(એચ.એસ.એલ),ઝાગ્રેબ,તા.૧૯

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ક્રોએશિયાની રાજધાની ઝાગ્રેબમાં તેમના સમકક્ષ આન્દ્રેજ પ્લેન્કોવિક સાથે પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો કરી. વાતચીત દરમિયાન, બંને નેતાઓએ દ્વિપક્ષીય સંબંધોને મજબૂત બનાવવા માટે મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ફરી એકવાર કહ્યું છે કે આ યુદ્ધનો સમય નથી.



પીએમ મોદીએ કહ્યું કે ભારત અને ક્રોએશિયા સંમત છે કે યુરોપ હોય કે એશિયા, સમસ્યાઓનો ઉકેલ યુદ્ધના મેદાનમાં શોધી શકાતો નથી. તેમણે ભાર મૂક્યો કે વાતચીત અને રાજદ્વારી એકમાત્ર રસ્તો છે. ક્રોએશિયા પહેલા પીએમ મોદીએ સાયપ્રસ અને કેનેડાની મુલાકાત લીધી હતી.

ક્રોએશિયન પ્રધાનમંત્રી આન્દ્રેજ પ્લેન્કોવિક સાથેની વાતચીત બાદ મીડિયાને આપેલા નિવેદનમાં પીએમ મોદીએ કહ્યું કે બંને નેતાઓ સંમત છે કે 'આતંકવાદ માનવતાનો દુશ્મન છે' અને તે લોકશાહીમાં વિશ્વાસ રાખતી શક્તિઓ માટે દુશ્મન જેવો છે. તેમણે કહ્યું, "અમે સંમત છીએ કે યુરોપ હોય કે એશિયા, સમસ્યાઓનો ઉકેલ યુદ્ધના મેદાનમાં શોધી શકાતો નથી, વાતચીત અને રાજદ્વારી એકમાત્ર રસ્તો છે." પીએમ મોદીનું આ નિવેદન પશ્ચિમ એશિયામાં ઈઝરાયલ અને ઈરાન વચ્ચે વધતા લશ્કરી સંઘર્ષને કારણે સર્જાયેલી પરિસ્થિતિ વચ્ચે આવ્યું છે. મોદીએ કહ્યું કે કોઈપણ દેશ માટે પ્રાદેશિક અખંડિતતા અને સાર્વભૌમત્વનું સન્માન કરવું જરૂરી છે.

# દિલ્હીમાં કોરોનાને કારણે બે મહિલાઓના મોતથી ફફડાટ

નવીદિલ્હી,તા.૧૯



રાજધાની દિલ્હીમાં દરરોજ કોરોનાના કેસમાં મોટો ઉછાળો જોવા મળી રહ્યો છે. કોરોનાથી મૃત્યુઆંક દિવસેને દિવસે વધી રહ્યો છે. ગુરુવારે દિલ્હીમાં કોરોનાથી બે મહિલાઓના મોત થયા હતા. દિલ્હીમાં અત્યાર સુધીમાં કોરોનાથી ૧૫ લોકોના મોત થયા છે. ૬૭ વર્ષીય મહિલાને એચટીએન, કિડની રોગ, કોવિડ ન્યુમોનિયા, સેપ્સિસ, રિફેક્ટરી સેપ્ટિક શોક જેવા રોગો હતા. બીજી તરફ, ૭૪ વર્ષીય મહિલા સીએડી, રુમેટોઇડ આર્થરાઇટિસ, એલઆરટીઆઇ, સેપ્ટિક શોક સાથે એમઓડીએસએસ રોગથી ઘેરાયેલી હતી. બંને મહિલાઓના મૃત્યુ થયા છે. ગયા બુધવારે, કોરોનાથી મૃત્યુનો બીજો કેસ નોંધાયો હતો, એક ૬૫ વર્ષીય પુરુષનું મૃત્યુ થયું હતું. બુધવાર સુધીમાં, કોરોનાને કારણે ૧૩ લોકો મૃત્યુ પામ્યા હતા, જ્યારે ૬૦ થી વધુ નવા દર્દીઓ મળી આવ્યા હતા.

# રાજસ્થાનમાં તમાકુ પર પ્રતિબંધ, હવે લાઈસન્સ વિના ગુટખા-સિગારેટ વેચાશે નહીં

(એચ.એસ.એલ),જયપુર,તા.૧૯

રાજસ્થાન સરકારે યુવાનોને તમાકુના દુષ્પ્રભાવથી બચાવવા અને જાહેર સ્થળોને તમાકુ મુક્ત બનાવવા તરફ એક મોટું પગલું ભર્યું છે. હવે રાજ્યમાં બીડી, સિગારેટ, ગુટખા, ઝરદા જેવા તમાકુ ઉત્પાદનોના વેચાણ માટે લાઈસન્સ મેળવવું ફરજિયાત બનાવવામાં આવ્યું છે. શહેરી વિકાસ અને ગૃહનિર્માણ મંત્રી ઝાબર સિંહ ખરારાએ આ પ્રસ્તાવને સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. નવી સિસ્ટમ જુલાઈ-ઓગસ્ટ ૨૦૨૫ થી લાગુ કરવામાં આવશે. આ અંતર્ગત, વિક્રેતાઓએ સંબંધિત મ્યુનિસિપલ કોર્પોરેશન, મ્યુનિસિપલ કાઉન્સિલ અથવા મ્યુનિસિપાલિટી પાસેથી લાઈસન્સ મેળવવું પડશે, જેના માટે વાર્ષિક ફી ૧,૦૦૦ રૂપિયા નક્કી કરવામાં આવી છે. આ ઝુંબેશનો પ્રથમ તબક્કો જયપુર, જોધપુર, સીકર, અલવર, ઉદયપુર, બિકાનેર,



કોટા, અજમેર, બ્યાવર અને નાગૌર જેવા મુખ્ય શહેરોમાં લાગુ કરવામાં આવશે. માહિતી અનુસાર, એકલા જયપુરમાં લગભગ ૪૬ હજાર તમાકુ વિક્રેતાઓ છે, જેમાંથી ૨૦ હજાર મુખ્ય ચોક અને મુખ્ય રસ્તાઓ પર સક્રિય છે. સમગ્ર રાજ્યમાં તેમની સંખ્યા લગભગ ૨ લાખ છે. સરકારે તમાકુ નિયંત્રણને કડક રીતે લાગુ કરવા માટે કેટલાક કડક નિયમો પણ ઉમેર્યા છે. જો કોઈ લાઈસન્સ પ્રાપ્ત વિક્રેતા ૧૮ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને તમાકુ ઉત્પાદનો વેચશે, તો તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

# કોંગ્રેસ સાથે મતભેદ છે, હું પાર્ટીની અંદર જ ચર્ચા કરીશ : શશી થરૂર

નવીદિલ્હી,તા.૧૯

કોંગ્રેસ સાંસદ શશી થરૂરે કહ્યું છે કે ઘણા મુદ્દાઓ પર તેમના વિચારો પાર્ટીથી અલગ છે અને તેઓ પાર્ટીની અંદર આ બાબતે વાત કરશે. થરૂર અને કોંગ્રેસ વચ્ચે વધતું અંતર ઘણા દિવસોથી અનુભવાઈ રહ્યું હતું. જ્યારે ભારત સરકારે શશી થરૂરને અમેરિકા જનારા પ્રતિનિધિમંડળના નેતા બનાવ્યા હતા, ત્યારે પણ કેટલાક કોંગ્રેસના નેતાઓએ નારાજગી વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે વિદેશ જનારા પ્રતિનિધિમંડળ માટે કોંગ્રેસ દ્વારા શશી થરૂરનું નામ પ્રસ્તાવિત કરવામાં આવ્યું ન હતું. કોંગ્રેસ ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંઘર્ષ વિશે પ્રશ્નો પૂછી રહી હતી અને થરૂર સરકારી પ્રતિનિધિમંડળમાં જોડાઈને દેશની બહાર તે પ્રશ્નોના જવાબ આપી રહ્યા હતા. આ પહેલા પણ શશી થરૂરના પાર્ટી સાથેના મતભેદો ઘણી વખત ખુલ્લા પડી ચૂક્યા છે. પત્રકારો સાથે વાત કરતા શશી થરૂરે કહ્યું, "હું છેલ્લા ૧૬ વર્ષથી કોંગ્રેસમાં કામ કરી રહ્યો છું. મારા પાર્ટી સાથે કેટલાક મતભેદો છે, અને હું પાર્ટીની અંદર તેમની ચર્ચા કરીશ.

# ભારતીય ભાષાઓને મહત્વ આપવા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ભાર મુક્યો

નવીદિલ્હી,તા.૧૯

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ભારતીય ભાષાઓના મહત્વ પર ભાર મૂકતા ગુરુવારે કહ્યું હતું કે ભારતનો ભાષાકીય વારસો પાછો મેળવવાનો અને માતૃભાષાઓમાં ગર્વથી વિશ્વનું નેતૃત્વ કરવાનો સમય આવી ગયો છે. એક પુસ્તક વિમોચન કાર્યક્રમમાં બોલતા, કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું, "આ દેશમાં અંગ્રેજી બોલનારાઓ ટૂંક સમયમાં શરમ અનુભવશે. આવા સમાજનું નિર્માણ બહુ દૂર નથી. ફક્ત દૃઢ નિશ્ચયી લોકો જ પરિવર્તન લાવી શકે છે. મારું માનવું છે કે ભાષાઓ આપણી સંસ્કૃતિના રત્નો છે. આપણી ભાષાઓ વિના આપણે સાચા ભારતીય બની શકતા નથી." અમિત શાહે કહ્યું, "કોઈ પણ વિદેશી ભાષા આપણા દેશ, આપણી સંસ્કૃતિ, આપણા ઈતિહાસ અને આપણા ધર્મને સમજવા માટે પૂરતી



ન હોઈ શકે. અધૂરી વિદેશી ભાષાઓ દ્વારા સંપૂર્ણ ભારતની કલ્પના કરી શકાતી નથી. હું સંપૂર્ણ રીતે જાણું છું કે આ યુદ્ધ કેટલું મુશ્કેલ છે, પરંતુ મને એ પણ વિશ્વાસ છે કે ભારતીય સમાજ તેને જીતી લેશે. ફરી એકવાર, આત્મસન્માન સાથે, આપણે આપણા દેશને આપણી ભાષાઓમાં ચલાવીશું અને વિશ્વનું નેતૃત્વ પણ કરીશું." વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ઘડવામાં આવેલા 'પંચ પ્રાણ' (પાંચ પ્રતિજ્ઞાઓ) પર ભાર મૂકતા, અમિત શાહે કહ્યું કે આ પાંચ પ્રતિજ્ઞાઓ દેશના ૧૩૦ કરોડ લોકોનો સંકલ્પ બની ગઈ છે.

# ઈરાનના સુપ્રીમ લીડર ખામેનીનું નિવેદન "જો તમે ડરશો, તો દુશ્મન તમને છોડશે નહીં"

(એચ.એસ.એલ),તેહરાન,તા.૧૯

ઈઝરાયલની સોરોકા હોસ્પિટલ અને સ્ટોક એક્સચેન્જને મિસાઈલ હુમલામાં ઉડાવી દેવામાં આવ્યા બાદ, ઈરાનના સુપ્રીમ લીડર આયાતુલ્લાહ અલી ખામેનીનું એક મોટું નિવેદન સામે આવ્યું છે. ખામેનીએ તેમના X એકાઉન્ટ પર દેશવાસીઓને સંબોધિત એક પોસ્ટમાં કહ્યું છે કે "જો તમે દુશ્મનથી ડરશો, તો તેઓ તમને ક્યારેય છોડશે નહીં." ઈઝરાયલ



ઈરાનના આ હુમલાઓથી ગુસ્સે ભરાયું છે. ઈઝરાયલે ખામેનીના અસ્તિત્વને મિટાવવાની પ્રતિજ્ઞા લીધી છે. ખામેનીએ પોસ્ટમાં લખ્યું છે કે, "હું મારા પ્રિય રાષ્ટ્રને કહેવા માંગુ છું કે જો દુશ્મનને એવું લાગે કે તમે તેમનાથી ડરો છો, તો તેઓ તમને ક્યારેય છોડશે નહીં. તમે અત્યાર સુધી જે હિંમત અને વર્તન બતાવ્યું છે, તેને ભવિષ્યમાં પણ એ જ દૃઢ નિશ્ચય સાથે ચાલુ રાખો. હિંમત અને શક્તિ સાથે તમારા સ્ટેન્ડ પર અડગ રહો." ખામેનીનું આ નિવેદન દર્શાવે છે કે યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની ધમકીઓ અને ઈઝરાયલના હુમલાઓ છતાં, ઈરાન શરણાગતિ સ્વીકારવાના મૂડમાં નથી. ઈઝરાયલ પર ઝડપી હુમલાઓ કરીને, ઈરાને સાબિત કરવાનો પ્રયાસ કર્યો છે કે તે કોઈથી ડરતું નથી. બીજી તરફ, સોરોકા હોસ્પિટલ અને ઈઝરાયલી સ્ટોક એક્સચેન્જ પર ઈરાનના ઘાતક મિસાઈલ હુમલાથી ઈઝરાયલ સ્તબ્ધ છે. સંરક્ષણ પ્રધાન ઈઝરાયલ કાત્ઝે કહ્યું છે કે "ખામેની હવે અસ્તિત્વમાં ન રહે".

# બીસીસીઆઈને ભૂતપૂર્વ આઈપીએલ ટીમને ૫૩૮ કરોડ રૂપિયા પરત આપવા બોમ્બે હાઈકોર્ટનો આદેશ

મુંબઈ,તા.૧૯

ભારતીય ક્રિકેટ નિયંત્રણ બોર્ડ એટલે કે બીસીસીઆઈને બોમ્બે હાઈકોર્ટના એક નિર્ણયથી મોટો ઝટકો લાગ્યો છે. હાઈકોર્ટે બીસીસીઆઈને ભૂતપૂર્વ આઈપીએલ ફ્રેન્ચાઈઝી કોચી ટસ્કર્સ કેરળને ૫૩૮ કરોડ રૂપિયા ચૂકવવાનો આદેશ આપ્યો છે. આ નિર્ણય સાથે, હાઈકોર્ટે બીસીસીઆઈના ૫૩૮ કરોડ રૂપિયાથી વધુના આર્બિટ્રેટરના નિર્ણયને પડકારતી અરજીઓ પણ ફગાવી દીધી છે. આ કેસમાં જસ્ટિસ આર. ચાગલાએ આપેલા આદેશમાં, તેમણે કહ્યું હતું કે આર્બિટ્રેટરના નિર્ણયમાં કોઈ સ્પષ્ટ




ગેરકાયદેસરતા નથી જેમાં કોર્ટના હસ્તક્ષેપની જરૂર હોય. હાઈકોર્ટે બીસીસીઆઈને આ રકમ ચૂકવવા કહ્યું છે.

# છત્તીસગઢના બીજાપુરમાં નક્સલીઓએ ત્રણ ગ્રામજનોની નિર્મમ હત્યા કરી

બીજાપુર,તા.૧૯

છત્તીસગઢના પેડ્ડાકોર્મામાં ફરી એકવાર નક્સલીઓનું કાયરતાપૂર્ણ કૃત્ય સામે આવ્યું છે. નક્સલીઓએ ૩ ગ્રામજનોની હત્યા કરી હતી. મૃતકોમાં એક વિદ્યાર્થી અને બે અન્ય લોકોનો સમાવેશ થાય છે. તે જ સમયે, ૭ ગ્રામજનોને નિર્દયતાથી માર મારવામાં આવ્યો હતો અને ગંભીર રીતે ઘાયલ કરવામાં આવ્યા હતા. માહિતી અનુસાર, નક્સલી નેતા વેલ્લા અને તેની ટીમે આ ઘટનાને અંજામ આપ્યો છે. નક્સલીઓના હુમલામાં ઝીંગુ મોદીયમ, સોમા મોદીયમ અને અનિલ માડવીનું મોત થયું હતું. આ ઘટનામાં ૭ ગ્રામજનોને નિર્દયતાથી માર મારવામાં આવ્યો હતો અને ગંભીર રીતે ઘાયલ થયા હતા. નક્સલી નેતા વેલા અને તેની ટીમે આ ઘટનાને અંજામ આપ્યો હતો. જેના પછી ગામલોકોમાં ફરી નક્સલીઓનો ભય જોવા મળ્યો હતો.

# ભારતની ૫૪ યુનિ. અને સંસ્થાઓએ ક્યુએસ વર્લ્ડ યુનિવર્સિટી રેન્કિંગમાં સ્થાન મેળવી દેશનું નામ રોશન કર્યું

નવીદિલ્હી,તા.૧૯

ભારતની ૫૪ યુનિવર્સિટીઓ અને સંસ્થાઓએ ક્યુએસ વર્લ્ડ યુનિવર્સિટી રેન્કિંગ ૨૦૨૬ માં સ્થાન મેળવીને દેશનું નામ રોશન કર્યું છે. આ રેન્કિંગમાં, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી દિલ્હીને ૧૨૩મું સ્થાન પ્રાપ્ત કરીને દેશની શ્રેષ્ઠ સંસ્થા બનવાનું ગૌરવ પ્રાપ્ત થયું છે. આ સિદ્ધિ પર ખુશી વ્યક્ત કરતા



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 'એક્સ' પર લખ્યું, ક્યુએસ વર્લ્ડ યુનિવર્સિટી ૨૦૨૬ રેન્કિંગ આપણા શિક્ષણ ક્ષેત્ર માટે ખૂબ જ સારા સમાચાર લાવ્યું છે. અમારી સરકાર ભારતના યુવાનોના લાભ માટે સંશોધન અને નવીનતા ઈકોસિસ્ટમને વધુ મજબૂત બનાવવા માટે પ્રતિબદ્ધ છે.' કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને પણ ભારતની યુનિવર્સિટીઓની પ્રશંસા કરી અને કહ્યું, 'વિશ્વની શ્રેષ્ઠ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં રેકોર્ડ ૫૪ સંસ્થાઓ સાથે, ભારતે ક્યુએસ વર્લ્ડ યુનિવર્સિટી ૨૦૨૬ રેન્કિંગમાં એક નવી ઊંચાઈ હાંસલ કરી છે.

# ઈઝરાયલી સેનાએ ઈરાનના લોકોને ચેતવણી આપી, 'અરાક હેવી વોટર રિએક્ટરની આસપાસનો વિસ્તાર ખાલી કરો'

(એચ.એસ.એલ),તહેરાન,તા.૧૯

ઈઝરાયલ અને ઈરાન વચ્ચે યુદ્ધ ચાલુ છે. ઈઝરાયલ સતત ઈરાનના પરમાણુ અને લશ્કરી થાણાઓ પર હુમલો કરી રહ્યું છે. દરમિયાન, ઈઝરાયલી સેનાએ ફરી એકવાર ઈરાનના લોકોને ચેતવણી આપી છે. ઈઝરાયલી સેનાએ ગુરુવારે લોકોને ઈરાનના અરાક હેવી વોટર રિએક્ટરની આસપાસનો વિસ્તાર ખાલી કરવા કહ્યું છે. આ ચેતવણી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર



પોસ્ટ કરીને જારી કરવામાં આવી છે. ઈઝરાયલી સેનાએ સોશિયલ મીડિયા દ્વારા અરાક રિએક્ટર ખાલી કરવાની ચેતવણી આપી હતી, જેમાં એક સેટેલાઈટ છબી શેર કરવામાં આવી હતી જેમાં રિએક્ટર લાલ વર્તુળમાં બતાવવામાં આવ્યું હતું. અરાકમાં સ્થિત હેવી વોટર રિએક્ટર તેહરાનથી ૨૫૦ કિલોમીટર (૧૫૫ માઈલ) દક્ષિણપશ્ચિમમાં છે. હેવી વોટર રિએક્ટરનો ઉપયોગ પરમાણુ રિએક્ટરને ઠંડુ કરવા માટે થાય છે પરંતુ તે પ્લુટોનિયમ પણ ઉત્પન્ન કરે છે જેનો ઉપયોગ પરમાણુ શસ્ત્રોમાં થઈ શકે છે.

યુએનની પરમાણુ દેખરેખ સંસ્થા, આંતરરાષ્ટ્રીય પરમાણુ ઊર્જા એજન્સી, ઈઝરાયલને ઈરાનના પરમાણુ કેન્દ્રો પર હુમલો ન કરવા વિનંતી કરી રહી છે. અહેવાલ છે કે એજન્સીના નિરીક્ષકોએ છેલ્લે ૧૪ મેના રોજ અરાકની મુલાકાત લીધી હતી.

# અમેરિકા ઈરાન અને ઈઝરાયલ વચ્ચેના યુદ્ધમાં કૂદવાનું છે, ટ્રમ્પે હુમલાની યોજનાને મંજૂરી આપી

વોશિંગ્ટન, તા.૧૯

ઈઝરાયલ અને ઈરાન વચ્ચે યુદ્ધ ચાલુ છે. બંને દેશો એકબીજા પર હુમલો કરી રહ્યા છે. દરમિયાન, અમેરિકાના યુદ્ધમાં પ્રવેશ અંગે મોટા સમાચાર બહાર આવ્યા છે. અમેરિકા ઈરાન-ઈઝરાયલ યુદ્ધમાં કૂદવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. અમેરિકન મીડિયા વોલ સ્ટ્રીટ જર્નલે ટ્રમ્પના નિર્ણય સાથે સંકળાયેલા ત્રણ લોકોને ટાંકીને કહ્યું છે કે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સામે હુમલાની યોજનાને મંજૂરી





આપી છે. ટ્રમ્પ દ્વારા હુમલાની યોજનાને મંજૂરી આપ્યા પછી, હાલ પૂરતું, ઈરાની સરકાર તેના પરમાણુ કાર્યક્રમને બંધ કરે છે કે નહીં તે જોવા માટે અંતિમ આદેશને મુલતવી રાખવામાં આવ્યો છે. જો ઈરાન તેનો પરમાણુ કાર્યક્રમ બંધ નહીં કરે, તો અમેરિકા ઈઝરાયલ વતી ઈરાન વિરુદ્ધ યુદ્ધમાં જોડાશે. દરમિયાન, ઈઝરાયલે ફરી એકવાર ઈરાન પર હવાઈ હુમલો કર્યો છે. આ હુમલો તેહરાન અને તેની આસપાસના ઈરાનના લશ્કરી ઠેકાણાઓ પર કરવામાં આવ્યો છે. અગાઉ, ડોનાલ્ડ ટ્રમ્પે ઈઝરાયલ અને ઈરાન વચ્ચેના યુદ્ધ અંગે મોટો દાવો કર્યો હતો. ટ્રમ્પે કહ્યું હતું કે ઈરાન વાટાઘાટો માટે વ્હાઈટ હાઉસ આવવા તૈયાર છે. પરંતુ, તેમનો જવાબ હતો કે હવે ઘણું મોડું થઈ ગયું છે. ટ્રમ્પના શબ્દોમાં, 'મેં કહ્યું હતું કે વાત કરવા માટે ઘણું મોડું થઈ ગયું છે, તેમણે બે અઠવાડિયા પહેલા મારી સાથે વાત કેમ ન કરી?'

# ગુજરાતમાં ૨૪ જૂન સુધી ભારેથી અતિભારે વરસાદની હવામાન વિભાગે કરી આગાહી

અમદાવાદ,તા.૧૯

હવામાન વિભાગે રાજ્યમાં આગામી ૨૪ જૂન સુધી ૬ દિવસ ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. માછીમારોને આગામી દિવસોમાં દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે. ભરૂચ, સુરત, ડાંગ, તાપી, વલસાડ, નવસારી, દમણ અને દાદરા નગર હવેલી, પોરબંદર, જૂનાગઢ, ગીર સોમનાથ, અમરેલી અને ભાવનગરમાં અતિભારે વરસાદ માટે ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. રાજકોટ, બોટાદ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર દાહોદ, પંચમહાલ, વડોદરા, છોટાઉદેપુરમાં ભારે વરસાદ માટે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ૧૮ વર્ષ બાદ માત્ર ૨ દિવસમાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસાએ ગુજરાતને સર કર્યું છે. ધમાકેદાર વરસાદ સાથે ૧૬ જૂને પ્રવેશેલા ચોમાસાએ ૧૭ જૂને સમગ્ર ગુજરાતને આવરી લીધું હતું. આ અગાઉ ૨૦૦૭માં ૨૪ જૂને રાજ્યમાં ચોમાસું પ્રવેશ્યું હતું, અને ૨૬ જૂને ગુજરાતને સર કરી લીધું હતું. ચાલુ ચોમાસે રાજ્યમાં સરેરાશ ૮૮૨ મીમી (સવા ૩૫ ઈંચ) વરસાદની જરૂરીયાત છે. એમ સિઝનનો ૧૦.૪૬% વરસાદ પડી ચૂક્યો છે. છેલ્લાં ૨૪ કલાકમાં રાજ્યના ૧૬૦ તાલુકામાં વરસાદ નોંધાયો છે. રાજ્યના ૭૫ તાલુકામાં ૧થી ૧૦ ઈંચ વરસાદ વરસ્યો છે તો ૧૦ તાલુકામાં ૪ ઈંચથી વધારે વરસાદ રહ્યો હતો. વલસાડ જિલ્લાના વાપીમાં ગુરૂવારે સવારથી ભારે વરસાદ પડી રહ્યો છે. છેલ્લા ચાર કલાકમાં વલસાડ જિલ્લામાં લગભગ ૭૦ મીમી વરસાદ નોંધાયો છે. ધરમપુરમાં ૭૦ મીમી, કપરાડામાં ૫૦ મીમી, વાપીમાં ૪૫ મીમી અને ઉમરગાંવમાં ૨૫ મીમી વરસાદ નોંધાયો છે.

# વિધાનસભા પેટાચૂંટણી : વિસાવદરમાં ૫૭ અને કડીમાં ૫૮ ટકા મતદાન

ગાંધીનગર,તા.૧૯

વિસાવદર તેમજ કડી વિધાનસભાની પેટાચૂંટણી માટે ગુરૂવારે ૧૯ જૂને મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી જે સાંજે ૬ વાગ્યે પૂર્ણ થઇ હતી. સાંજે ૬ વાગ્યા સુધીમાં વિસાવદરમાં ૫૭ અને કડીમાં ૫૮ ટકા મતદાન થયું છે. ગત ચૂંટણી કરતાં કડીમાં આ વર્ષે ૮.૫ ટકા ઓછું મતદાન નોંધાયું હતું. એકાદ ઘટનાને બાદ કરતા બંને બેઠકો પર શાંતિપૂર્ણ રીતે મતદાન થયું હતું. ગુજરાતમાં કડી અને વિસાવદર વિધાનસભા બેઠકો માટેની પેટાચૂંટણીનું મતદાન શાંતિપૂર્ણ




માહોલમાં સંપન્ન થયું છે. રાજ્ય ચૂંટણી પંચ દ્વારા મતદાન પ્રક્રિયા સુચારુ અને સરળ બનાવવા માટે વ્યાપક વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. દરેક મતદાન કેન્દ્ર પર મતદારોની સુવિધા માટે વ્હીલચેર અને સહાયકો જેવી અનુકૂળ સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી, જેના પરિણામે દિવ્યાંગ મતદારોએ પણ ઉત્સાહપૂર્વક પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. આ ઉપરાંત, વરિષ્ઠ નાગરિક મતદારો પણ એટલા જ ઉત્સાહથી મતદાન કરતા જોવા મળ્યા હતા. જ્યારે વિસાવદરમાં બુથ કેપ્ચરીંગની ઘટના બનતા ગોપાલ ઈટાલીયાએ આ વીડિયો વાયરલ કર્યો હતો.

# અમદાવાદ પ્લેન ક્રેશમાં ૩૧૮ જેટલા માનવ અંગો મળ્યા

અમદાવાદ,તા.૧૯

અમદાવાદમાં AIના પ્લેન ક્રેશની ઘટનાનો ગુરૂવારે આઠમો દિવસ હતો. અત્યાર સુધીમાં ૨૧૪ લોકોના DNA મેચ થઈ ચૂક્યા છે અને અન્ય આઠ લોકો મળી કુલ ૨૨૨ લોકોની ઓળખ થઈ ચૂકી છે. પોલીસને કાટમાળમાંથી અત્યાર સુધીમાં ૩૧૮ જેટલા માનવ અંગો મળી આવ્યા છે જે તપાસ માટે લેવામાં આવ્યા હતા. આ ઉપરાંત કાટમાળમાંથી ૧૦૦ જેટલા મોબાઈલ મળતા તેને FSLમાં મોકલવામાં આવ્યા છે. મોબાઈલની તપાસમાં જાણવાનો પ્રયાસ કરાશે કે, જ્યારે વિમાન ટેક ઓફ થયું અને ક્રેશ થયું તે સમયગાળા દરમિયાન કોઈ મોબાઈલમાં અંતિમ ક્ષણનો વીડિયો રેકોર્ડ થયો છે કે નહીં. AIના ક્રેશ થયેલા પ્લેનના જે પાર્ટ્સ મળ્યા છે તેને એકત્ર કરી રિકન્સ્ટ્રક્શન કરવાનો પણ નિર્ણય કરાયો છે.

# ગુજરાતમાંથી ગેરકાયદે રહેતા બાંગ્લાદેશીઓને ફરી 'ઘરભેગા' કરવાની કવાયત

સુરત,તા.૧૯

ગુજરાતમાં ઘૂસણખોરી કરી ગેરકાયદે રહેતા બાંગ્લાદેશીઓને શોધીને ડિપોર્ટ કરવા માટે ગુજરાત સરકારે બે મહિનામાં બીજીવાર ઓપરેશન હાથ ધર્યું છે. સુરત, ભરૂચ સહિતના જિલ્લામાં તપાસ કરી ૧૦૦ કલાકમાં જ ૨૦૦ જેટલા બાંગ્લાદેશી ઘૂસણખોરોને ઝડપી પાડ્યા છે, જેઓ અલગ અલગ સમયે સુરત સહિતનાં



શહેરોમાં આવ્યા હતા, જેમાંના કેટલાક લોકો પાસેથી ભારતના બોગસ ડોક્યુમેન્ટ પણ મળ્યા છે. સુરતમાં હાલ ૧૧૯ જેટલા ઘૂસણખોરો મળી આવતાં તેમનું જોઈન્ટ ઈન્ટ્રોગેશન હાથ ધરવામાં આવ્યું છે. ત્યાર બાદ ડિપોર્ટની કાર્યવાહી હાથ ધરાશે. નોંધનીય છે કે આ પહેલાં સુરત પોલીસ ૨૦૦ જેટલા બાંગ્લાદેશી ઘૂસણખોરોને ઝડપી પાડી ડિપોર્ટ કરી ચૂકી છે. ગુજરાત પોલીસે બે મહિનામાં જ બીજીવાર બાંગ્લાદેશી ઘૂસણખોરોને શોધવા માટે ઓપરેશન હાથ ધરી ૨૦૦ જેટલા ઘૂસણખોરોને ઝડપી પાડ્યા છે. ત્યારે સવાલ ઊઠ્યો છે કે ગુજરાતનાં અલગ અલગ શહેરોમાં હજી કેટલા બાંગ્લાદેશીઓ વસવાટ કરી રહ્યા છે.

# જામનગર નજીક નેવી મોડા ગામે નકલી વિદેશી દારૂની ફેક્ટરી ઝડપાઈ

જામનગર, તા.૧૯

જામનગર નજીક નેવી મોડા ગામમાં એલસીબીની ટીમે નકલી વિદેશી દારૂ બનાવવાની મીની ફેક્ટરી પકડી પાડી છે. આ કાર્યવાહીમાં જામનગર અને રાજસ્થાનના મળી કુલ છ શખ્સોની અટકાયત કરવામાં આવી છે. એલસીબીને મળેલી બાતમીના આધારે હાર્દિકસિંહ જાડેજાની વાડીમાં દરોડો પાડવામાં આવ્યો હતો. આ દરોડામાં ટીમને નકલી દારૂ બનાવવાની પ્રક્રિયા ચાલુ મળી આવી હતી. આરોપીઓ કેમિકલ પ્રવાહીમાં ભેળસેળ કરી, ડુપ્લીકેટ સ્ટીકરનો ઉપયોગ કરીને નકલી વિદેશી દારૂ તૈયાર કરી રહ્યા હતા.




# બનાસકાંઠામાં કાળા જાદુ માટે પીઆઈનાં માતાપિતાની હત્યા થઈ હોવાનો ખુલાસો

પાલનપુર,તા.૧૯

બનાસકાંઠાના લાખણીના જસરા ગામે બે દિવસ પહેલા એસએમસીના પીઆઈના માતા-પિતાની ઘાતકી હત્યા કરી લૂંટ કરાઈ હતી જેને લઈને હડકંપ મચી ગયો હતો. જોકે વૃદ્ધ દંપતીની હત્યાને લઈને બનાસકાંઠા પોલીસે અલગ-અલગ ૮ જેટલી ટીમ બનાવીને ગણતરીના કલાકોમાં જ દંપતીની હત્યા કરનારા ૪ આરોપીઓની અટકાયત કરી પૂછપરછ કરતા અંધશ્રદ્ધા અને કાળા જાદુને લઈને દંપતીની હત્યા અને લૂંટ કરાઈ હોવાનું સામે આવ્યું છે. લાખણી તાલુકાના જસરા ગામમાં એસએમસી પીઆઈ એ.વી. પટેલના માતા-પિતાની અત્યંત નિર્દયતાપૂર્વક હત્યા કરવામાં આવી હતી. હત્યારા પાડોશી પિતા પુત્રે કાળા જાદુથી ધન પ્રાપ્તિ માટે હત્યા કરી બ્લેક મેજિકથી લૂંટ કરેલા દાગીનાથી વધુ ધન મળશે એવી અંધશ્રદ્ધા રાખી દંપતીના મોઢા ચીરી પગ કાપી ૨.૫૦ લાખના દાગીનાની લૂંટ ચલાવી હોવાનો સનસનીખેજ ખુલાસો થયો છે. પોલીસે આ ગુનામાં પિતા પુત્ર ઉપરાંત અન્ય બે મળી ચાર જણાને દબોચી લીધા છે. ઝડપાયેલા આરોપીઓમાં ૧- સુરેશભાઈ શામળાભાઈ પટેલ, (રહે. જસરા), ૨- શામળાભાઈ રૂપાભાઈ પટેલ, (રહે. જસરા), ૩- ઉમાભાઈ ચેલાજી પટેલ (રહે. રામપુરા, ડીસા), ૪- દીલીપજી મફાજી ઠાકોર (રહે. રામપુરા, ડીસા) નો સમાવેશ થાય છે રવિવારની રાત્રે વૃદ્ધ દંપતી વર્ધાજી મોતીજી પટેલ અને હોશીબેન વર્ધાજી પટેલ પોતાના ખેતરમાં આવેલા મકાનની ઓસરીમાં સૂતા હતા, ત્યારે રવિવાર રાતથી સોમવાર સવારના ૬ વાગ્યા વચ્ચે અજાણ્યા ઈસમોએ ઘરમાં ઘૂસી તીક્ષ્ણ હથિયારોથી બંનેની હત્યા કરી હતી અને હોશીબેનના શરીર પરથી રૂ.૨.૫૦ લાખના દાગીના લૂંટી લેવામાં આવ્યા હતા.

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર

રાજ્ય સરકાર દ્વારા

"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦૧૩"

(N.F.S.A.) હેઠળ મળવાપાત્ર વિતરણના જથ્થાની જાણકારી.

જૂન -૨૦૨૫ માસમાં જુલાઈ અને ઑગસ્ટ -૨૦૨૫ મહિનાનું વિતરણ તારીખ ૩૦/૦૬/૨૦૨૫ સુધી ચાલુ રહેશે.

"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"

અંતર્ગત જુલાઈ-૨૦૨૫ માસના ઘઉં અને ચોખાના **વિનામૂલ્યે** વિતરણની જાણકારી.

| ક્રમ | કેટેગરી | અનાજ | મળવાપાત્ર જથ્થો |
|---|---|---|---|
| ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા. |
| ૨ | | ચોખા | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. |
| ૩ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિ દીઠ ૩ કિ.ગ્રા. |
| ૪ | | ચોખા | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. |

"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"

અંતર્ગત ઑગસ્ટ-૨૦૨૫ માસના ઘઉં અને ચોખાના **વિનામૂલ્યે** વિતરણની જાણકારી.

| ક્રમ | કેટેગરી | અનાજ | મળવાપાત્ર જથ્થો |
|---|---|---|---|
| ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા. |
| ૨ | | ચોખા | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. |
| ૩ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિ દીઠ ૩ કિ.ગ્રા. |
| ૪ | | ચોખા | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. |

જૂન-૨૦૨૫ રાજ્ય સરકારની તુવેરદાળ, ચણા, ખાંડ અને મીઠાના રાહતદરે વિતરણ સંબંધિત યોજનાઓની અગત્યની જાણકારી

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિ.ગ્રા.(₹) |
|---|---|---|---|---|
| ૧ | તુવેર દાળ | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૫૦ |
| ૨ | ચણા | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | 30 |
| 3 | ખાંડ | અંત્યોદય કુટુંબો | ૩ વ્યક્તિ સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. ૩ થી વધુ વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ૧૫ |
| ૪ | | બીપીએલ કુટુંબો | વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ૨૨ |
| ૫ | મીઠું | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧ |

**- અગત્યની સૂચના**

- જૂન માસમાં PMGKAY (NFSA) યોજના હેઠળનો જુલાઈ અને ઑગસ્ટ માસનો ઘઉં અને ચોખાનો જથ્થો તથા રાજ્ય સરકાર તરફથી વિતરિત કરવામાં આવતા જૂન માસના તુવેરદાળ, ચણા, ખાંડ અને મીઠાના જથ્થાનું વિતરણ જૂન માસમાં કરવામાં આવશે. જેના માટે દરેક કાર્ડધારકે કુલ-૩ વાર આધાર આધારિત ઓથેન્ટિકેશન કરવાનું રહેશે.

આપના રેશનકાર્ડને લગતી તથા આપને મળવાપાત્ર અનાજ અંગેની વિશેષ જાણકારી માટે "My Ration" મોબાઈલ એપ્લિકેશન Google Play Store પર થી અથવા QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરવા વિનંતી.

"My Ration" મોબાઈલ એપ્લિકેશન QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરી શકાશે.

➡ રાજ્ય ચૂંટણી પંચની તા.૦૭/૦૬/૨૦૨૫ અને મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની કચેરી ગુજરાત રાજ્યની તા.૧૧/૦૬/૨૦૨૫ થી પ્રસિદ્ધિ માટે મંજૂરી મેળવવામાં આવેલ છે

લાભાર્થી પુરવઠાને લગતી ફરિયાદ હેલ્પલાઇન નં. ૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫ તેમજ "My Ration" મોબાઇલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકાશે.




